એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૬ ● અંક - ૧
ઓગસ્ટ - સપ્ટેમ્બર '૧૦

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
કુ.એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**મુદ્રણ આયોજન**
મનુભાઈ કોટડીયા ૯૪૨૬૬ ૯૪૨૭૭

**વેબ સાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી

**કાર્યાલય વ્યવસ્થા**
રાજેન્દ્ર સોની ૯૮૨૫૦ ૧૮૩૧૮

**વિતરણ વ્યવસ્થા**
કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩
(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**જાહેરાત, લવાજમ, નાણાંકીય વ્યવસ્થા**

● **અમદાવાદ**
જયમીન સોની ૯૮૨૪૫ ૪૬૬૫૦

● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)

**માનદ્ સલાહકાર**
મનુભાઈ કોટડીયા અમદાવાદ
તુલસીદાસ કંસારા અમદાવાદ
સૂર્યકાંત સોની અમદાવાદ
શૈલેષ કંસારા ભુજ
કાંતિભાઈ કંસારા રાજકોટ

**માનદ્ સંયોજક (ભુજ)**
પી.જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**કાર્યાલય**
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક,
અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪૪૦૦૮
વેબ સાઈટ : www.gnyatisetu.com
ઈ-મેલ : editor@gnyatisetu.com
છુટક કિંમત રૂ.૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂ.૩૦૦/-
ડિઝાઈન : આર્ટમણી, અમદાવાદ

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

## તંત્રી સ્થાનેથી

શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ એટલે કે છેલ્લા સાત આઠ સૌકાઓથી, પોતાનું આગવું અસ્તિત્વ પ્રસ્થાપિત કરવા માટે પેઢી દર પેઢી, સંઘર્ષરત, વ્યાપક પારિવારીક સમૂહ.

આપણું આગવું અસ્તિત્વ શું છે? વ્યવસાયે સોના-ચાંદી ધાતુકામના કળા-દૃષ્ટિ સક્ષમ- કસબીઓ તરીકે આપણા પૂર્વજોની દેશ-વિદેશમાં નામના હતી અને આજ પણ મહદંશે એજ ક્ષેત્રમાં, વ્યાપાર તેમજ કસબ બન્ને ક્ષેત્રે આપણા સમાજની 'ઓળખ' છે. ભારતીય સંસ્કૃતિ સાથે વણાયેલા સનાતન ધર્મનો સદૈવ સમાદર કરતા આપણા સમાજની આસ્થાના મૂળમાં 'સત્યં શિવમ્ સુંદરમ્' છે. આપણી પરંપરા સાતત્યપૂર્ણ છે. પરંતુ, એ સમયાનુસાર, પ્રગ્રતિશીલ દૃષ્ટિકોણ આપવાની આપણા સમાજમાં ભરપૂર ક્ષમતા છે. આ ક્ષમતાનું જ એક ઉમદા ઉદાહરણ છે, આપણી જ્ઞાતિ નિર્દેશીત સમૂહ લગ્ન પરંપરા.

આ પરંપરાનો પ્રારંભ આજથી પચ્ચીસ વર્ષ પૂર્વે, ભુજ જ્ઞાતિ ટ્રસ્ટના યુવા-પ્રગતિશીલ કાર્યકરોએ કર્યો જેને, તત્કાલીન વડિલોએ આવકાર્યો, સમાજે સ્વીકાર્યો એમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતાં, આજે આપણે એની પચ્ચીસમી વર્ષગાંઠ ઉજવી રહ્યાં છીએ. આ પચ્ચીસમાં સમુહ લગ્ન સમારોહનું ભવ્ય આયોજન, 'રજત-જયંતિ મહોત્સવ' રૂપે ધામધુમથી ઉજવાશે અને એટલે જ, આ ઐતિહાસિક પ્રસંગને આપણે સમસ્ત જ્ઞાતિનું ગૌરવ ગણીએ 'ગૌરવ-પર્વ'નું ઉત્સાહપૂર્વક ગુણગાન કરશું. આ પર્વનું સમગ્ર આયોજન ભુજ જ્ઞાતિએ કર્યું છે, પરંતુ આપણા આ 'ભુજ'ની 'ભૂજાઓ'નું વિસ્તરણ વ્યાપક છે. દેશ-વિદેશમાં દૂર સુદૂર વસતા આપણી જ્ઞાતિના પરિવારો માટે આ એક રૂડો અવસર છે, જે સહુનો 'સહિયારો' છે. આપણા આત્મસન્માન અને આત્મવિશ્વાસના પ્રતિક સમો છે. આપણી જ્ઞાતિ સમસ્તના 'ઐક્ય'નું સુચક છે, જે ભાવી પેઢી માટે 'માર્ગ-નિર્દેશક' છે.

સમગ્ર વિશ્વ આજે જ્યારે, ઉત્તરોત્તર નાનું થતું જાય છે, ત્યારે આપણા સમાજ જેવા નાના સમૂહો એના 'અર્થ-પૂર્ણ અસ્તિત્ત્વ' માટે 'સંઘબળ' ઊભું કરવાનું અને એને ટકાવી રાખવાનું અત્યંત આવશ્યક બની જાય છે. અને આ 'સંઘબળ' જાળવવા આપણા સમાજના યત્ર, તત્ર, સર્વત્ર વસતા પરિવારો વચ્ચે 'સંવાદીતા'નું સાતત્ય જરૂરી છે, જે સમયાંતરે આવા સામૂહિક અવસરોની ઉજવણી થકી સુદૃઢ થાય છે. આપણો આ સમૂહલગ્ન રજત જયંતિ મહોત્સવ, એવો જ એક 'ઉત્સવ' છે. આ નિમિત્તે, દેશ-વિદેશમાં વસતા આપણા અનેક પરિવારો ભુજમાં ભેગા થશે. જૂના પારિવારીક સંબંધો દૃઢ થશે. નવા સંબંધો બંધાશે. આપણો યુવા વર્ગ એક બીજાની વધુ નજીક આવશે. એમની સમાજ ભાવના જાગ્રત થશે. અને એ જ છે, આપણા આ ગૌરવ-પર્વની ઉજવણીનો અંતર્નિહીત ઉદ્દેશ.

'સેતુ પરિવાર' આ ગૌરવ-પર્વને હૃદય પૂર્વક આવકારે છે. સમૂહલગ્ન માંડવે, સમસ્ત સમાજના આશિર્વાદ મેળવવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત કરનારા નવદંપતિઓને આજીવન 'સંપન્ન દાંપત્ય'ની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે. સર્વે જ્ઞાતિજનોને ગૌરવ-દિન નિમિત્તે અભિનંદન આપે છે અને આ 'અપૂર્વ અવસર' સાકાર કરવા માટે ભુજ જ્ઞાતિ-સમાજ કાર્યકરોનું અભિવાદન કરે છે. અસ્તુ.

**અતુલ સોની**
**મંત્રી**

**મનુભાઈ કોટડિયા**
**પ્રમુખ**

**હંસરાજ કંસારા**
**મુખ્યતંત્રી 'સેતુ'**

# દાનનો મહિમા

કુ. એકતા કટ્ટા, અંજાર

"दानं भोगो नाशस्तिस्त्रो गतयो भवन्ति त्तिस्य।
यो न ददाति न भुंक्ते तस्य तृतीया गतिर्भवति।।

અર્થાત્ "ધન ની ત્રણ ગતિ હોય છે - દાન, ભોગ અને નાશ. જે દાન કરતો નથી અને ભોગવતો નથી તેના (ધન)ની ત્રીજી ગતિ થાય છે." પ્રાચીન કાળ હોય કે અર્વાચીન કાળ જેની હંમેશા વિશેષ મહત્તા રહી છે, તેવા 'ધન'ની ગતિની અતિ સરળ વ્યાખ્યા સુભાષતકારે કરી છે.

ધન વિના માનવ જીવનની કલ્પના પણ અશક્ય લાગે છે. સમય પ્રમાણે ધનનાં રૂપો બદલાતાં રહ્યાં, તેની મહત્તામાં પણ ઊતાર-ચઢાવ થતાં રહ્યાં, પરંતુ કોઈ પણ સમય કે સંસ્કૃતિ ધનથી અલિપ્ત રહી શક્યા નથી. ધન માનવ જીવનનું અનિવાર્ય અંગ છે. અને કદાચ એટલે જ ઋષિકાળમાં 'શ્રી સૂક્તમ્' જેવાં સ્તોત્રોની રચના કરવામાં આવી. ધન એ આપણા જીવન વિકાસનો પાયો છે. જીવનમાં જ્ઞાનનો વિકાસ હોય કે વૈભવનો વિકાસ હોય કે પછી આધ્યાત્મિક વિકાસ હોય કે સામાજિક વિકાસ. પ્રત્યેક ક્ષેત્રે ઓછા વધુ પ્રમાણમાં ધન એ અનિવાર્ય છે. ધનનાં પ્રમાણની અસર પ્રત્યેક કાર્ય કે વિકાસનાં પરિણામો પર સ્પષ્ટરૂપે પ્રકટ થતી જ હોય છે.પ્રાચીન કાળની અપેક્ષાએ આધુનિક કાળમાં ધનની મહત્તા વિસ્તૃત થતી રહી છે. જેનાં પરિણામે જીવનનાં ઘણાં પાસાઓની વ્યાખ્યા સુદ્ધાં બદલાતી જણાય છે. એટલું જ નહીં સામાજિક વ્યવસ્થામાં પણ બહુ મોટા પ્રમાણમાં ઝડપથી બદલાવ આવી રહ્યો છે. ત્યારે ઉપરોક્ત સુભાષિત આધુનિક કાળની વધુ સમીપ લાગે છે.

સુભાષિતકારનાં મત પ્રમાણે 'દાન'એ ધનની શ્રેષ્ઠત્તમ ગતિ ગણી શકાય. કહેવાય છે કે "સુપાત્રે દાન" દાન હંમેશ સુપાત્ર ને આપવું જોઈએ. જેવું દાન કરતાં હોઈએ તે મુજબ સુપાત્રની શોધ જીવન વિકાસનાં જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે. પરિણામે સાચા વૈભવનો વિકાસ પણ શક્ય બને છે. સાચો વૈભવશાળી ધનનું દાન કરી સામાજિક પ્રતિષ્ઠા મેળવી સામાજિક વિકાસ કરી શકે છે. જો સામાજિક વિકાસ થયો હોય તો આધ્યાત્મિક વિકાસનો પાયો મજબુત બની શકે છે. અને તેમાંય ધનનું નિરંતર દાન, મહેનતે મેળવેલ ફળને અન્યને સોંપવાની ઉદારતાથી આધ્યાત્મનાં અતિ મહત્ત્વનાં પરિબળ એવાં સ્વેચ્છાએ કરેલા 'ત્યાગ'નો જીવનમાં વિકાસ થાય છે. પરિણામે આધ્યાત્મ જીવન પણ વિકાસ પામે છે. આમ, ધનનાં દાનથી જ્ઞાન, આધ્યાત્મ, વૈભવ અને સામાજિક સ્તર જેવાં જીવનનાં મહત્ત્વનાં પરિબળો સાચો વિકાસ સાથે છે. 'ભોગ'એ ધનની બીજી ગતિ છે. કોઈપણ વસ્તુનાં બે પાસાંઓ ગણી શકાય. એક આંતરિક અને બીજું બાહ્ય. ધનની પ્રથમ ગતિ દાન દ્વારા જીવન આંતરિક રૂપે અને સાચા અર્થમાં વિકાસ પામે છે. ત્યારે ધનની બીજી ગતિ ભોગથી જીવનનો બાહ્ય કે ભૌતિક વિકાસ તો શક્ય બને છે. ધનનો ઉપભોગ જીવનમાં વૈભવ અને ભૌતિકતાનો વિકાસ લાવી શકે છે. તેનાં દ્વારા પણ શિક્ષણ, જીવનની આરામદાયક સુવિધાઓ, ઊંચી સામાજિક જીવન શૈલીનો વિકાસ થઈ શકે છે. બાહ્ય વિકાસની નિરંતરતા પણ ઘણી વખત આંતરિક વિકાસનાં દ્વાર ખોલી દેવા મદદરૂપ નિવડે છે. આમ, ધન ની બીજી ગતિ 'ભોગ' પણ જીવન વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

ધનની ત્રીજી ગતિ 'નાશ' છે અને નાશમાં વળી વિકાસ કેવો? ધનનાં દાન અને ભોગનાં સ્થાને જ્યારે તેનો માત્ર સંગ્રહ જ કરવામાં આવે છે ત્યારે તેની ત્રીજી ગતિ 'નાશ' થાય છે અને ધન જેને જીવનનો આધાર ગણી શકાય તેનો નાશ જીવન માટે પણ વિનાશક જ સિદ્ધ થાય છે. જ્યારે ધન નાશ પામે છે, ત્યારે મેળવેલ જ્ઞાન પણ જીવન માટે સંપૂર્ણપણે ઉપયોગી નથી નિવડતું. વૈભવ કે ભૌતિક જીવનનું સ્તર પણ નીચું ઉતરે છે. પરિણામે સામાજિક સ્તર પણ નીચું જ ઉતરે છે આમ, ધનની ત્રીજી ગતિ 'નાશ' જીવન વિકાસની ગતિને અવરોધી વિનાશ તરફ ધકેલી શકે છે.

ધનની ત્રણેય ગતિ આધુનિક સમયમાં પણ એટલી જ મહત્ત્વની છે, જ્યારે સર્વત્ર વૈભવ અને ભૌતિકતા જ વિશેષ મહત્ત્વનાં બની ગયા છે. ભારતીય સંસ્કૃતિની સમાજ વ્યવસ્થામાં ધનોપાર્જન પુરૂષ વર્ગની પ્રથમ જવાબદારી ગણવામાં આવી છે. ત્યારે આધુનિક સમયમાં ધનોપાર્જન અને ધનની પહેલી અને બીજી ગતિ દાન અને ભોગ માટે સમાજનાં પુરૂષ વર્ગ અને સ્ત્રી વર્ગ તેમજ તેમના યુવા સંતાનો સર્વે સતત દોડતા દેખાય છે. ત્યારે જીવનના સાચા વિકાસ માટે ધનના માત્ર 'વિત્ત' સ્વરૂપને જ નહીં પરંતુ, તેની સાથે-સાથે વિવિધ ગુણો, સંસ્કારો અને દક્ષતારૂપી ધનને કમાવાના અને તેના ઉપયોગના દાન અને ભોગ એ બે ગતિ માટે પણ ડગલાં ભરતાં થઈએ ત્યારે સાચું 'ધન પૂજન' શક્ય બને!

# ધર્મ-સંસ્કૃતિ - વિચાર

બિહારીલાલ એચ. બુધ્ધભટ્ટી, રાજકોટ

લોકો ધર્મને માટે મર્યા છે. સંસ્કૃતિ માટે મર્યા છે દેશને માટે મર્યા છે. પણ વિચારને માટે મરનારા તો એક સોક્રેટિસ નીકળ્યાં. એક બાજુ આખો સંસાર અને બીજી બાજુ એકલો - આમ હોવા છતાં પણ તે પોતાના વિચારમાંથી પાછો ન ફર્યો. હું જે કહેતો રહ્યો છું તે સત્ય જ છે. પ્રામાણિક જ છે એમ સમજીને મરણ વહોરી લીધું એની આવી પ્રચંડ બુધ્ધિનિષ્ઠા જોઈને યુરોપના લોકોમાં બુધ્ધિ પ્રામાણ્ય આવ્યું આ બુધ્ધિ પ્રમાણ્ય ધર્મના ક્ષેત્રમાં પણ આવ્યું જેને પરિણામે ત્યાં ધર્મક્રાન્તિ થઈ.

આપણે ત્યાં ધર્મ ક્રાન્તિ થઈ જ નથી. કારણ ? પેલું "કલિવર્જ્ય પ્રકરણ" અહીં તો કોઈ પણ પ્રકારની ધર્મક્રાંતિ થઈ શકે તેમ નથી. ત્યાં યુરોપમાં એ લોકોએ યુવાનોને ઊભા કર્યા. અહીં યુવાનો ઊભા થાય તો આપણે તેને શું કરવાનું કહેશું? ક્યું કામ સોંપીશું? બસ્, તું અગિયારશ કર અને માળા ફેરવયુવાનોનું માનસશાસ્ત્ર સમજીને એમને કામ સોંપવું જોઈએ. એમનો કર્મકાંડનો મૂળ અર્થ અને યજ્ઞવિચારનું રહસ્ય સમજાવવું જોઈએ. અને પછી કહેવું જોઈએ કે "જા અમે સમાજમાં બધે આ તેજસ્વી વિચારોનો ફેલાવો કર"

ખ્રિસ્તી ધર્મે બરાબર આ જ કામ કર્યું છે. લે બાઈબલ અને સંસારના ખુણેખૂણે એને પહોંચાડી દે. પરિણામે આજે એવું કોઈ સ્થાન નથી રહ્યું કે જ્યાં બાઈબલ ન પહોંચ્યું હોય. લોકો કામે લાગી ગયા પણ બાઈબલ પર પ્રેમ કર્યો અને લોકો સુધી તેને પહોંચાડ્યું પણ ખરૂં. આજે ખ્રિસ્તી ધર્મના નેવું ટકા લોકોને બાઈબલ આવડતું હશે કે તેનાથી પરિચિત હશે પણ શ્રી કૃષ્ણને માનવાવાળામાંથી એક ટકાને પણ ગીતાની ખરી સમજ ભાગ્યે જ હશે. આજે આપણી આવી દશા થઈ ગઈ છે. આ બાબતમાં વિચારવું ખૂબ જરૂરી બન્યું છે.

સંસ્કૃતિ - સંસ્કૃતિની વાતો કરીએ છીએ. પણ સંસ્કૃતિ છે શી ચીજ? ધોતિયું પહેરવું કે પેન્ટ પહેરવું એ સંસ્કૃતિ ? ના ઉંદાત દૃષ્ટિએ સંસ્કૃતિ એટલે જીવન તરફ આપણે કઈ દૃષ્ટિથી જોવું જોઈએ એ આપણને સંસ્કૃતિ શીખવાડશે. ભાણામાં પીરશેલું આપણે કેવી દૃષ્ટિથી ખાવું જોઈએ એ આપણને તત્વજ્ઞાન શીખવેછે. માનવીને જીવન જીવવાનો આવો દૃષ્ટિકોણ જો કોઈ તત્વજ્ઞાન ન શીખવતું હોય તો એ તત્વજ્ઞાન નથી.

મુશ્કેલીમાં, આપત્તિમાં કેવી રીતે છાતી કાઢીને ઊભા રહેવું જોઈએ. એ જો તત્ત્વજ્ઞાન કે ભક્તિ ન શીખવતાં હોય તો રહેવા દો એ તત્ત્વજ્ઞાન કે ભક્તિને. એવા તત્ત્વજ્ઞાન કે ભક્તિની આપણને શું જરૂર છે. વિજીગીષું જીવનવાદ અને તેજસ્વી ભક્તિ લઈને અત્યંત ભાવપૂર્ણ પ્રેમાળ બનીને પછી વિશ્વને મિથ્યા ઠરાવતું તત્ત્વજ્ઞાન આજે ક્યાં છે? ભક્તિ, જ્ઞાન અને કર્મ સતત વધતાં રહેવાં જોઈએ. પણ આજે ક્યાં છે એવી સ્થિતિ.

આજે આપણે કહીએ છીએ કે હવે ધર્મગુરૂઓ અને બ્રાહ્મણો સુધરવા લાગ્યાં છે, એટલે શું? પહેલાં દાઢી રાખતા હતા. હવે નથી રાખતા, પહેલાં કપાળમાં તિલક કે ટપકાં કરતા હતા અને માથે ચોટલી રાખતા હતા હવે એવું નથી કરતા કે નથી રાખતા. આને કંઈ 'સુધારો' ન કહેવાય. આ તો માત્ર સમાજના પ્રવાહ અનુસાર પોતાના જીવન પ્રવાહને ગોઠવનારી વ્યવસ્થા કહેવાય. મારો તો લોકો સમક્ષ આ સવાલ છે. "ભક્તિ" તરફ જોવાની આપણી દૃષ્ટિ બદલાઈ છે ખરી? શાસ્ત્રોક્ત સગુણાપાસનાને આપણો સમાજમાં પહોંચાડવા તૈયાર છીએ ખરા? જીવનનો મુકાબલો કરવાની હિંમતનું નિર્માણ આપણે કર્યું છે ખરૂ? હજી તો તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ? બધું સમજવાનું જ બાકી છે ત્યાં આપણામાં "સુધારો" ક્યાંથી આવી ગયો? વૈષ્ણવો કહે છે કે અમારા મહારાજો સુધરી ગયા છે. 'સુધરી ગયા એટલે એમણે શું કર્યું?' ભક્તિના રાજા વલ્લભાચાર્યે પોતાની પાસે ઉત્તમ સાર જેવું કહેવાતું તત્ત્વ હતું તે કહેવાને લોકો સુધી પગે ચાલીને ગામડે ગામડે ગયા. એની સામે આજની પરિક્રમાને રાખો અને જુઓ એમાં ક્યાંય પ્રાણ છે? ભાવિકજનો અને ભક્તો એના વડે મુક્તિ સહેલાઈ મેળવી લીધાના ભ્રમમાં રહે છે. મુક્તિ આમ મળતી નથી. એ તંત્રમુક્ત છે. જેની આપણે કશી જરૂર નથી. આપણે તો મુક્તિ જોઈએ જે વ્યવસ્થિત રીતે વિકાસ કરતાં મળતી હોય. ઓછામાં ઓછું ધર્મ એટલે શું એનો આપણને ખ્યાલ હોવો જોઈએ. ધર્મ શા માટે છે તેનું આપણને જ્ઞાન હોવું જોઈએ જ્યારે અહીં તો એવા કોઈ ધર્મન સ્થાને વહેમોથી ખદબદતો ધર્મ જોવા મળે છે. એ ધર્મની તો વહેલી ઠાઠડી બંધાય તેટલું સારૂં છે કેમ કે તો જ ક્યારેક સાચો ધર્મ આવવાનો સંભવ રહેશે.

પ.પૂ. પાંડુરંગ શાસ્ત્રીજીના પ્રવચન પરથી - સંકલીત

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ, ભુજ

તસવીર અને અહેવાલ બીપીન એસ. બુધ્ધભટ્ટી, ભુજ

### નવ વર્ષ સ્નેહમિલન



સંવત ૨૦૬૭, કારતક સુદ-૧ રવિવાર, તા.૭-૧૧-૧૦ને રોજ ઉઘડતા પ્રભાતે, આપણા સમાજના સ્નેહ મિલન કાર્યક્રમની જ્ઞાતિના પ્રમુખશ્રી શ્રી કિશોરભાઈ ચનાણી તેમજ જ્ઞાતિ ટ્રસ્ટ હોદ્દેદાર સભ્યોએ આપણા સમાજના તેમજ પરિવારોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે, આપણા કુળદેવી- મા આશાપુરાના સાનિધ્યમાં જ્ઞાતિના સભ્યો મોટી સંખ્યામાં સ્નેહપૂર્વક અરસપરસ નવ વર્ષ અભિનંદન આપી હરીભરી ઉજવણી કરી હતી. વહેલી સવારથી બપોરે બાર વાગ્યા સુધી જ્ઞાતિ પરિવારોએ મંદિરના પ્રાંગણમાં પધારી પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

**आओ दिपोत्सवी मनाये**

आओ... मनायें
एक साथे कई दीप जलाये
और दिये ले कर
झुग्गी झोंपडीयो की और जायें
जीन घरो में जले न हो चूल्हे
उस घर का चुल्हा जलायें
चंद रोटीयां बनाएं
प्रेम से भूखे को रोटीयां खिलायें
भूखी सूखी आंतोमें तृप्ती की रोशनी झिलमिलायें

**चता सोलंकी**
**९७२५३२०४४४**
**भूज**

### શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ ભુજ (મહિલા સેલ)
### ક્રાફ્ટ મેળો - તા.૧૩,૧૪, ડિસેમ્બર ૨૦૧૦

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ ભુજ મહિલાસેલ દ્વારા આયોજિત ૨૫માં સમુહલગ્ન કાર્યક્રમ પ્રસંગે જ્ઞાતિ મહામંડળ મહિલા સેલ દ્વારા ‘ક્રાફ્ટ મેળા’ નું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળાનું ઉદ્‌ઘાટન મહામંડળના પ્રમુખશ્રી શ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતીના વરદ હસ્તે તારીખ ૧૩-૧૨-૧૦ને રોજ સવારે ૧૧.૦૦ કલાકે ટીન સીટી, મુદ્રા રોડ, મધે થશે.

**વધુ વિગતો માટે સંપર્ક :**

લતાબેન આઈ. સોલંકી ૯૭૨૫૩૨૦૪૪૪
સુધાબેન એ. બુધ્ધભટ્ટી ૯૯૨૫૩૧૩૭૩૪
રોહિણીબેન બી. બુધ્ધભટ્ટી ૯૪૨૯૩૪૧૧૨૦

પ્રમુખ-મહિલા સેલ, લતાબેન સોલંકી

(નવરાત્રી ઉત્સવ ઉજવણી-અહેવાલ પૃ.૭નું શેષ)

- સમગ્ર કાર્યક્રમના અધ્યક્ષ જયેષ્ઠાબેન સોની તેમજ સુધાબહેન અને જયશ્રીબહેન બુધ્ધભટ્ટી રહ્યા હતા. સુધાબહેને પોતાના સુરીલા કંઠે ગરબાની રમઝટ બોલાવી સૌને રાસ રમતા કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ માટેનું એનાઉન્સમેન્ટ રોહિણીબહેન બુદ્ધભટ્ટીએ કર્યું હતું. મહિલામંડળના પ્રમુખ શ્રીમતી લત્તાબહેન સોલંકીના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સંપન્ન થયો હતો.

નવરાત્રી મહોત્સવ દરમિયાન જ્ઞાતિ પ્રમુખશ્રી કિશોરભાઈ જે. ચનાણી અખિલભારતીય મહામંડળના પ્રમુખશ્રી



પ્રભુદાસભાઈ ગુજરાતી તેમજ જ્ઞાતિના યુવકમંડળના પ્રમુખ અનિલભાઈ છત્રાળા તેમની કારોબારીના સભ્યો તેમજ હોદ્દેદારો સાથે હાજરી આપી રમનારનો જુસ્સો વધાર્યો હતો.

તેઓશ્રીનો મહિલામંડળના પ્રમુખ લતાબેન સોલંકીએ આભાર માન્યો હતો.

અંજારથીશ્રી હરીલાલભાઈ વીશા પરમાર પણ તેમના ધર્મપત્ની સ્મિતાબેન સાથે હાજરી આપી હતી અને મહિલામંડળની પ્રવૃત્તિઓને બીરદાવી હતી. તેમના તરફથી પણ મહિલા મંડળને આર્થિક યોગદાન પ્રાપ્ત થયું હતું. તે બદલ લતાબેને તેમનો આભાર માન્યો હતો. ●

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ, ભુજ - મહિલા મંડળ

રોહિણી ભરતભાઈ બુદ્ધભટ્ટી

# નવરાત્રી ઉત્સવ ઉજવણી - અહેવાલ



આપણો ભારત દેશ જેમ ખેતી પ્રધાન દેશ છે એમ કહેવાય છે એ જ રીતે ઉત્સવપ્રધાન દેશ પણ છે અને કહું તો તેમાં જરાય અતિશ્યોક્તિ નહીં ગણાય. આટલા બધા ઉત્સવો જ આપણને જીંદગી જીવવાની પ્રેરણા પૂરી પાડે છે. જરા વિચારો કે એકેય ઉત્સવ જ ન હોય અને જીંદગી એક રગસિયા ગાડાની જેમ જીવાતી હોય તો તે કેવી બેઢંગી બેરંગી લાગશે? આપણા સમાજમાં ઉત્સવો ને ખુબજ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ઉત્સવો આપણા જીંદગીનું એક અભિન્ન પાસું છે.સર્વે ઉત્સવો ના રાજા જેમ દિવાળી છે એ જ રીતે 'મા ભગવતી' 'મા ભવાની'ની ઉપાસના એટલે કે નવપાત્રી પણ ખુબ જ અનેરો. અલૌકિક અનુભૂતિ કરાવતો તહેવાર છે.

- અશ્વિન નવરાત્રીની ઉજવણી શ્રી મારૂકંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભૂજની દરેક દરેક સભ્ય બહેનોએ જ્ઞાતિની સર્વ મહિલા મંડળ ભૂજની દરેક દરેક સભ્ય બહેનોએ જ્ઞાતિની સર્વે મહિલાઓ અને બાળકોને સંગાથે રાખી ખુબ જ રંગેચંગે કરી. જ્ઞાતિના સર્વશ્રેષ્ઠ દાતાઓના સાથ અને સહકારથી આ ઉત્સવ ઉજવવું શક્ય બન્યું છે.

દર વર્ષની જેમ નવે નવ દિવસ 'મા આદ્યશક્તિની' ઉપાસના માતાજીના છંદ, ગરબાથી કરવામાં આવી 'મા કાલિકાં મંદિરની બાજુમાં' ચનાણી પાર્ટી પ્લોટ મધ્યે આ રાસોત્સવની ઉજવણી કરવામાં આવી.

દરરોજ બે રાઉન્ડ રમાડવામાં આવ્યા. જેમાં પ્રથમ રાઉન્ડ બાળકો માટે અને ત્યાર બાદ બહેનો માટેના રાઉન્ડ દરરોજ બાળકોને વિવિધ કુટુંબો તરફથી ભેટો આપવામાં આવતી તેમજ રાઉન્ડમાં રમતા બાળકોને વિજેતા જાહેર કરવામાં આવતા હતા. બહેનોના રાઉન્ડમાં પણ ૨૦થી ૫૦ વર્ષ સુધીની બહેનો રમવામાં આવતી હતી તેમાં પણ સિનિયર સિટીઝન વર્ગમાં આવનાર બહેનોને પણ ઈનામ આપવામાં આવતા હતા. આમ બાળકોથી માંડીને મોટી ઉંમરની બહેનો પણ સાંજે ૫થી ૭ સુધી રમી શકે એવી વ્યવસ્થા કરવામાં આવી હતી.

જ્ઞાતિના સર્વ શ્રેષ્ઠી દાતાઓ શ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી સ્વ.મગનભાઈ વેલજી ચનાણી પરિવાર શ્રી જટુભાઈ વેલજી ચનાણી તેમજ જ્ઞાતિના અન્ય નામી-અનામી પરિવારો તરફથી પણ મહિલામંડળને દાન પ્રાપ્ત થયું, તે બદલ મહિલામંડળ-ભૂજ સર્વેને માટે આભારની લાગણી અનુભવે છે.

- દરરોજ નિર્ણાયક તરીકે મહિલામંડળના સભ્યોએ ફરજ બજાવી હતી, નવમા નોરતે વિજેતાઓને દાતાશ્રીઓના કુટુંબીજનોના હસ્તે ઈનામોની લહાણી કરવામાં આવી હતી.

-સંગીતમાં નોબત પર શ્રી પ્રતાપભાઈ બિજલાણી અને ઓરગન પર તરુણભાઈ બીજલાણી તેમજ રોટોડ્રમ પર વિશાલભાઈ ગુજરાતીનો સાથ સાંપડ્યો હતો. તેઓ સૌ પણ નવમા નોરતે મહિલામંડળ તરફથી બહુમાન કરવામાં આવ્યું હતું.

- પહેલે નોરતે જ્ઞાતિની બહેનોએ હિલગાર્ડન ખાતે 'ચેરિટી ક્લબ' આયોજિત નવરાત્રી મહોત્સવમાં ભાગ લીધેલ હતો. જેમાં ભાગ લેનાર કુલ ૨૬ ગ્રુપમાં આપણા ગ્રૂપે પહેલો નંબર મેળવી, જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે આ સાથે આ મહોત્સવમાં ભાગ લેનાર દરેક બહેનોને પણ શુભેચ્છા પાઠવીએ છીએ. દરેક ભાગ લેનાર બહેનોને પણ નવમા નોરતે મહિલામંડળ તરફથી સન્માનવામાં આવ્યા હતાં.

-સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં તેમજ વ્યવસ્થા જાળવવામાં શ્રી રાજેશભાઈ વિશનજી બુદ્ધભટ્ટીનો અમારા મહિલામંડળને સાથ સાંપડ્યો હતો. તે બદલ તેમનો પણ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ટેબલવર્ક અરૂણાબહેન બુદ્ધભટ્ટી,ભાવનાબહેન બુદ્ધભટ્ટી, જયશ્રીબહેન છત્રાળા અને પ્રીતીબહેન બગ્ગા એ સંભાળ્યું હતું. બાળકોને રમાડવામાં તેમજ વ્યવસ્થા ગોઠવવામાં ઈન્દિરાબહેન સોલંકી, નીલાબહેન પોમલ, ભાવનાબહેન ચનાણી, નયનાબહેન ચનાણી તેમજ માલતીબહેન ગુજરાતીનો સાથ મળ્યો હતો.

(અનુ. ૬ પેજ ૫૨)

અંજના પોમલ

# સ્નેહ મિલન અને તુલસી વિવાહ કાર્યક્રમ અહેવાલ



જ્ઞાતિની સમાજવાડી મધ્યે તા.૧૭-૧૧-૨૦૧૦, કારતક સુદ એકાદશીને બુધવારનાં રોજ નુતન વર્ષ નિમિત્તે સ્નેહ-મિલન અને તુલસી વિવાહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. સાથે-સાથે જ્ઞાતિ ટ્રસ્ટની કારોબારી સમિતિનો કાર્યકાળ પૂરો થતાં નવી કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી.

કાર્યક્રમનો પ્રારંભ શ્રી મહાકાલિકા માતાજી મંદિરેથી સાંજે ૬.૦૦ કલાકે તુલસી વિવાહ નિમિત્તે નિકળેલ શ્રી બાલ મુકુંદજીનાં સામૈયાથી થયો હતો. શ્રી માનકેશ્વર મહાદેવ મંદિર મધ્યે ઉપસ્થિત કન્યા (તુલસી માતા)નાં માતા બનેલ શ્રીમતિ અંજનાબેન નરેશભાઈ પોમલ દ્વારા શ્રી બાલ મુકુંદજીની પોંખણા વિધિ કરવામાં આવી હતી.

ત્યારબાદ જ્ઞાતિ ગોરબાપા શ્રી દેવેનભાઈ કનકચંદ્ર વ્યાસનાં આચાર્યપદે તુલસી વિવાહ વિધિ સંપન્ન કરવામાં આવી હતી. શ્રી નરેશભાઈ જેન્તિલાલ પોમલ અને શ્રીમતી અંજનાબેન દ્વારા કન્યા પક્ષ તથા શ્રી હરિશભાઈ હંસરાજભાઈ બુદ્ધભટ્ટી અને શ્રીમતી ભાવનાબેન દ્વારા વર પક્ષ તરફથી થતી વિધિ કરવામાં આવી હતી. કુ.ધ્વનિ નિખિલકુમાર કટ્ટા તુલસી અને કુ.રોશની હરિશભાઈ બુદ્ધભટ્ટી કૃષ્ણના પ્રતિક બન્યા હતા. સામાન્ય વિવાહ કાર્યક્રમ મુજબ આયોજીત આ દેવ વિવાહનો જ્ઞાતિજનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી આનંદ માણ્યો હતો.

તુલસી વિવાહ સંપન્ન થતાંની સાથે જ જ્ઞાતિ ટ્રસ્ટની નવ રચિત કારોબારી સમિતિ, પેટા સમિતિ, યુવક મંડળ અને સલાહકાર સમિતિ જાહેર કરવામાં આવી હતી. શ્રી રાજેશભાઈ કેશવલાલ વિસા પરમારને પુનઃ ટ્રસ્ટ પ્રમુખ જાહેર કરાતાં ઉપસ્થિતોએ તાળીઓનાં ગડગડાટથી બહુમતિ દાખવી હતી.

પ્રમુખશ્રી દ્વારા અંજાર મધ્યે પ્રથમ શિક્ષણ સમિતિ અને મેડિકલ સમિતિ જાહેર કરાતાં આ પ્રયાસને ઉપસ્થિત વડિલશ્રીઓ અને જ્ઞાતિજનોએ પ્રસંશા કરી આવકાર્યું હતું.

જ્ઞાતિ સેવાનાં અનુભવી અને પીઢ કાર્યકર શ્રી હરિલાલભાઈ લખમશીભાઈ વિસા પરમાર અને શ્રી વેલજીભાઈ કાનજીભાઈ હેડાઉ એ ક્રમશઃ) શિક્ષણ સમિતિ અને મેડિકલ સમિતિનું સંચાલન સહર્ષ સ્વીકારતાં પ્રમુખશ્રીએ આનંદ વ્યક્ત કર્યો હતો. જ્ઞાતિનાં પૂ.ગોરબાપાશ્રીએ આર્શીવચન પાઠવી જ્ઞાતિ વિકાસમાં સંપ ની મહત્તા સમજાવી પ્રમુખશ્રીનાં દરેક નિર્ણયને સતત સાથ આપવા જ્ઞાતિજનોને અપીલ કરી હતી તો માજી પ્રમુખ અને વડિલ શ્રી શામજીભાઈએ પણ મહાજનનાં ગુણો સમજાવી જ્ઞાતિ વિકાસમાં સાથ-સહકારની ખાત્રી આપી હતી.

શ્રી હરિભાઈ એ શિક્ષણ અને મેડિકલ સમિતિઓ દ્વારા વિકાસ અને જ્ઞાતિ સેવાનો નવો રાહ ખુલવાની આશા વ્યક્ત કરી હતી. સહમંત્રી શ્રી અનિલભાઈ શંકરલાલ



બગ્ગાએ નવી સમિતિઓનાં કાર્યો દ્વારા શિક્ષણ અને મેડિકલ ક્ષેત્રે દરેક પરિવારનાં સાથરૂપે મળેલી બચતપેટીની રકમનો સદુપયોગ થશે તેવું જણાવ્યું હતું.

છેલ્લાં થોડા સમયથી નિષ્ક્રિય એવાં યુવક મંડળનું નવા ઉત્સાહ સાથે નવ ગઠન કરવામાં આવ્યું હતું. જ્ઞાતિનાં વિવિધ ક્ષેત્રોનાં પ્રશ્નો અને રજૂઆતોને પૂરતો કાયદાકીય ન્યાય મળે અને પ્રશ્નોનું નિરાકરણ સર્વ સમ્મતિથી જ્ઞાતિમાંથી જ મળી રહે તે માટે જ્ઞાતિનાં જ કાયદા જાણકારોની કાનુની સલાહકાર સમિતિની રચના કરવામાં આવી હતી.

ત્યારબાદ જ્ઞાતિજનોએ અલ્પાહાર સાથે નૂતન વર્ષ અને ટ્રસ્ટની વિવિધ નવી સમિતિઓને શુભેચ્છાની આપ-લે કરતું સ્નેહ મિલન માણ્યું હતું.

તુલસી વિવાહની વ્યવસ્થા મહિલા મંડળનાં સભ્યો એ નિમંત્રણ અને કાર્યક્રમ સ્થળ તથા અલ્પાહાર વ્યવસ્થા યુવક મંડળના સભ્યોએ સંભાળી હતી. મંચ વ્યવસ્થા અને સંચાલન સહમંત્રીશ્રી અનિલભાઈએ અને આભારવિધિ યુવક મંડળનાં ખજાનચી શ્રી નિકુલભાઈ પ્રકાશભાઈ બારમેડાએ કરી હતી.

**અનિલભાઈ શંકરલાલ બગ્ગા,**
**સહમંત્રી.**

**હોદ્દેદારો અને નવ-નિર્વાચિત કારોબારી સભ્યો વર્ષ - નવેમ્બર - ૨૦૧૦-૨૦૧૩**

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ, અંજારના વર્ષ ૨૦૧૦થી ૨૦૧૩ સુધીનાં હોદ્દેદારો અને કારોબારી સભ્યોની તા.૧૨-૧૧-૨૦૧૦નાં રોજ સર્વાનુમત્તે વરણી કરવામાં આવી હતી. જે નીચે મુજબ છે.

**પ્રમુખ :**
શ્રી રાજેશભાઈ કેશવલાલ વિસા પરમાર
**ઉપ પ્રમુખ :**
શ્રી કિરણભાઈ કાનજીભાઈ હેડાઉ
**મંત્રી :**
શ્રી ભરતભાઈ ભગવાનદાસ બુદ્ધભટ્ટી
**સહ મંત્રી :**
શ્રી અનિલભાઈ શંકરલાલ બગ્ગા
**ખજાનચી :**
શ્રી પ્રકાશભાઈ નરોત્તમભાઈ બારમેડા,

**સભ્યો**
શ્રી શાન્તિલાલ વિઠ્ઠલદાસ પોમલ
શ્રી ભરતભાઈ ચત્રભુજભાઈ ગોહિલ
શ્રી શિવલાલ શામજીભાઈ મૈચા
શ્રી શશીકાન્ત મનસુખલાલ બારમેડા
શ્રી ઈશ્વરલાલ વેલજીભાઈ બારમેડા
શ્રી જગદીશભાઈ હરિલાલ છત્રાળા
શ્રી શાન્તિલાલ હંસરાજભાઈ બુદ્ધભટ્ટી
શ્રી ફોરમભાઈ સુરેશભાઈ પોમલ
શ્રી હરિશભાઈ વેલજીભાઈ મૈચા

**સલાહકાર સમિતિ**
શ્રી શામજીભાઈ ગાંગજીભાઈ મૈચા
શ્રી વેલજીભાઈ કાનજીભાઈ હેડાઉ
શ્રી હરિલાલભાઈ લખમશીભાઈ વિસા પરમાર
શ્રી નવિનભાઈ નરોત્તમભાઈ બારમેડા
શ્રી સુરેશભાઈ પરષોત્તમભાઈ વિસા પરમાર
શ્રી મોહનભાઈ રાઘવજીભાઈ સોલંકી

**શિક્ષણ સમિતિઃ**
**કન્વિનરઃ**
શ્રી હરિલાલભાઈ લખમશીભાઈ વિસા પરમાર
શ્રી વસંતભાઈ વેલજીભાઈ સોની
શ્રી હિંમતલાલ જેરામભાઈ ગુજરાતી
શ્રી રમેશભાઈ લક્ષ્મીદાસભાઈ બારમેડા

**કાનુની સલાહકાર સમિતિ**
શ્રી જીતેન્દ્રભાઈ આર.બારમેડા
શ્રી નિલમભાઈ બી. બુદ્ધભટ્ટી
શ્રીમતિ મીતાબેન ડી. હેડાઉ
સુશ્રી પૂજા એસ. બારમેડા.

**મેડિકલ સમિતિ**
**કન્વિનર :**
શ્રી વેલજીભાઈ કાનજીભાઈ હેડાઉ,
શ્રી છગનભાઈ નારાણજીભાઈ હેડાઉ,
શ્રી મોહનભાઈ રાઘવજીભાઈ સોલંકી
શ્રી નવિનભાઈ નરોત્તમભાઈ બારમેડા

**યુવક મંડળ**
પ્રમુખઃ શ્રી દેવેનભાઈ કિરણભાઈ હેડાઉ,
ઉપ પ્રમુખ : શ્રી હિતેશભાઈ ચંદુભાઈ હેડાઉ,
મંત્રી : શ્રી અમિતભાઈ વિનોદભાઈ બારમેડા,
સહ મંત્રી : શ્રી આકાશભાઈ શિવલાલ મૈચા,
ખજાનચી : શ્રી નિકુલભાઈ પ્રકાશભાઈ બારમેડા

રાજેશ કેશવલાલ
**પ્રમુખ :**

# શિક્ષણ-સમિતિ
## શૈક્ષણિક કાર્યોના આયોજનનો અહેવાલ



શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ, અંજારની વર્ષ ૨૦૧૦થી ૨૦૧૩ માટેની કારોબારી સમિતિની રચનાની સાથે-સાથે પ્રથમ શિક્ષણ સમિતિની રચના પણ તા.૧૨-૧૧-૨૦૧૦નાં રોજ કરવામાં આવી હતી. જેનાં કન્વિનર શ્રી હરિલાલ લખમશીભાઈ વિસા પરમારનાં અધ્યક્ષપદે મળેલ બેઠકમાં પ્રસ્તુત વિવિધ શૈક્ષણિક કાર્યો માટે સર્વ સમ્મતિ સધાઈ હતી.

પ્રથમ ધોરણ ૮થી ૧૨ સુધીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે કોચિંગ ક્લાસ શરૂ કરવા. તદુપરાંત કોમ્પ્ટુર ક્લાસ શરૂ કરવા. આર્થિક સ્તરે નબળાં, જરૂરતમંદ વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પુસ્તકો, નોટબુકો અને ફીની મદદ આપવી.

તા.૧૫-૧૨-૨૦૧૦થી ધોરણ ૮થી ૧૨ સુધીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે કોચિંગ ક્લાસ શરૂ કરવામાં આવશે. જે માટે નામ નોંધાવવા વિદ્યાર્થીઓએ તા.૮-૧૨-૨૦૧૦ સુધી શિક્ષણ સમિતિનો સંપર્ક કરવો. તદુપરાંત આ આયોજનમાં માનદ્ સેવા આપવા ઈચ્છુક જ્ઞાતિનાં શિક્ષકો એ પણ શિક્ષણ સમિતિ સભ્ય શ્રી વસંતભાઈ વેલજીભાઈ સોનીનો સંપર્ક કરવો એવું શિક્ષણ સમિતિ કન્વીનર શ્રીએ જણાવ્યું હતું.

**કોચિંગ ક્લાસ માટે વિદ્યાર્થીઓએ નામ નોંધાવવા માટે**

**સંપર્ક સુત્રઃ**

| | |
|---|---|
| શ્રી હરિલાલભાઈ લખમશીભાઈ વિસા પરમાર (કન્વિનર.) | ૯૮૭૯૫૩૦૮૫૪ |
| શ્રી વસંતભાઈ વેલજીભાઈ સોની, | ૯૮૫૬૬૨૦૮૨ |
| શ્રી હિંમતલાલ જેરામભાઈ ગુજરાતી, | ૯૮૯૮૫૦૧૦૯૩ |
| શ્રી રમેશભાઈ લક્ષ્મીદાસભાઈ બારમેડા, | ૭૬૦૦૦૩૬૪૭૬ |

અંજના પોમલ

# નવરાત્રી મહોત્સવ અહેવાલ

આપણે ગુજરાતીઓ ઉત્સવ પ્રિય છીએ અને ઉત્સવોમાં પણ નવરાત્રીએ તો સૌનો પ્રિય તહેવાર! આ દિવસોમાં શક્તિની પુજા ઉપાસના કરવામાં આવે છે. તેમજ રાસ-ગરબાનું આયોજન પણ શેરીએ શેરીએ હોય છે પણ હવે એ સ્થાન મોટા આયોજન સાથે પાર્ટી પ્લોટે લીધું છે ત્યારે દસે-દસ દિવસ ત્યાં જવું દરેક માટે શક્ય નથી. એટલે અંજાર મહિલા મંડળે 'માં કાલિકા'ના સાનિધ્યમાં દસ દિવસ નવરાત્રીનું આયોજન દર સાલ કરે છે તે રીતે આ સાલ પણ એકમથી દશેરા સુધી રાસ-ગરબાનું આયોજન કર્યું હતું. જેમાં રોજ વેલડ્રેસના બે ઈનામો બાળકો તથા બહેનો માટે તેવીજ રીતે વેલ-પ્લેયરના બે ઈનામો બાળકો તથા બહેનો માટે રાખવામાં આવ્યા હતા. જેમાં ઈનામોના દાતાઓ અલગ-અલગ હતા પણ ઈનામો સમાન હતા. તેમજ આ વર્ષે નવમા નોરતે આપણી જુની પરંપરાઓ ઉજાગર કરવામાં વિશિષ્ટ કૌશલ્યને ઉજાગર કરતી સ્પર્ધા રાખવામાં આવી હતી જેનાં અન્તર્ગત બહેનોએ માથા પર હેલ ગરબો દીવો લઈ પોતાની વિશિષ્ટ શૈલી રજુ કરવાની હતી જેમાં ૧૯ બહેનો એ ભાગ લીધો હતો. પ્રથમ વિજેતા શ્રીમતી ગીતાબેન બુધ્ધભટ્ટી રહ્યા હતા જેઓ ગ્લાસ પર હેલ લઈ રમ્યા હતા. તેમજ હાથમાં ગોરી લઈ ત્રાંસ પર પગ રાખી રમનાર શ્રીમતી ઈલાબેન બારમેડા દ્વિતિય રહ્યાં હતા તદુપરાંત ચાર બહેનો શ્રીમતી નીતાબેન બારમેડા, શ્રીમતી પુજાબેન બીજલાણી, શ્રીમતી ધર્મિષ્ઠાબેન બારમેડા તથા શ્રીમતી કરૂણાબેન છત્રાળાએ માથે હેલ લઈ તો શ્રીમતી દક્ષાબેન સાકરીયા શ્રીમતી અંજનાબેન પોમલે માથે ગરબો અને હાથમાં દીવા તથા શ્રીમતી જ્યોતિ બેને માથે ગરબી લઈ જુદી ભાત પાડી પોતાની આગવી રીતે માં શક્તિની આરાધના કરી હતી તો કુ.હીનલ પોમલ. કુ.કૃણાલી પોમલ અને કુ.માનસી બુધ્ધભટ્ટીએ માથે ગરબો લઈ રમવાનો સુંદર પ્રયાસ કર્યો હતો. તેમજ બીજા આઠ દસ બહેનોએ માથે ગરબો લઈ રમ્યા હતા આ 'વિશિષ્ટ કૌશલ્ય' સ્પર્ધાના નિર્ણાયક વુમન ઓફ ઈયર શ્રીમતી યામીની બેન ઠક્કર રહ્યા હતા અને આ સ્પર્ધાના આયોજક અને ઈનામોના દાતા શ્રીમતી અંજનાબેન પોમલ રહ્યા હતા. નિર્ણાયકશ્રી તરફથી પણ આ સ્પર્ધાના ચાર સ્પર્ધકોને ઈનામો અપાયા હતા.

મહિલા મંડળે જ્ઞાતિજનોના સહકારથી દશેરાના દિવસે ચોસઠ જોગણી કુમારીકાનું જમણ રાખ્યું હતું તેમાં સીત્તેરથી પણ વધારે જ્ઞાતિની કુમારીકાને જમાડી દરેકને મહિલા મંડળ તરફથી તથા અન્ય દાતાઓ તરફથી દક્ષિણા તથા ભેટ આપવામાં આવી હતી.








આ આયોજન શ્રી મહાકાલિકા માતાજી મંદિર મધ્યે કરવામાં આવેલ હતુ.

તો સામાન્ય જીવનમાં હરિફાઈ એટલે કે સ્પર્ધા જ્યાં સ્પર્ધા હોય છે ત્યાંજ વિકાસ હોય છે સ્પર્ધા નથી હોતી ત્યાં ગતિ નથી હોતી જ્યાં સ્પર્ધા હોય છે ત્યાં જુસ્સો હોય છે અને જ્યાં જુસ્સો હોય છે ત્યાં જ પ્રતિભા વિસ્તરતી હોય છે. સ્પર્ધાથી સામાન્ય વ્યક્તિને પણ શ્રેષ્ઠતાનું સર્જન કરવાની તક મળતી હોય છે. જન્મથી કોઈ જ મહાન નથી હોતું પણ સ્પર્ધાથી શ્રેષ્ઠતા તરફ પહોંચી શકાય છે એટલે જ મહિલા મંડળ વિવિધ કાર્યક્રમોમાં પ્રતિભા વિકસાવવા તથા તેને ઉજાગર કરવા સ્પર્ધાઓ રાખતા હોય છે.

## સામાન્ય સભાનો અહેવાલ
## નવી કારોબારીની સ્થાપના

તા.૧૪/૮/૨૦૧૦ના શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતી યુવક મંડળની સામાન્ય સભા સોની સમાજ વાડી મધ્યે મળેલ હતી તેમાં નવી કારોબારીની વરણી કરવામાં આવેલ હતી. જે આગામી ત્રણ વર્ષ માટે કાર્યરત રહેશે. જેમાં નીચે મુજબ હોદ્દેદારો તથા ૧૮ સભ્યોની કારોબારીની રચના કરવામાં આવેલ હતી.

### હોદ્દેદારો



**ઉપ પ્રમુખ**
સોની કૈલાશ
ગંગારામભાઈ કટ્ટા



**પ્રમુખ**
કંસારા પ્રફુલકુમાર
મોહનલાલ (ગુજરાતી)



**ઉપ પ્રમુખ**
સોની શૈલેશ
હિંમતલાલ બગ્ગા



**મંત્રી**
સોની ધીરજલાલ
મનસુખલાલ (બારમેડા)



**સહ મંત્રી**
સોની પ્રકાશ
કાંતીલાલ કટ્ટા



**ખજાનચી**
સોની દિપક
હિંમતલાલ કટ્ટા



**સહ ખજાનચી:**
સોની અનીલકુમાર
હરીલાલ સોલંકી

| કારોબારી સદસ્ય | | | |
|---|---|---|---|
| ૧. | સોની જયેશ રતીલાલ કટ્ટા | ૯. | સોની ભાવેશ સુરેશભાઈ બગ્ગા |
| ૨. | સોની તરૂણ શંકરલાલ | ૧૦. | સોની હિતેશ મહેન્દ્રભાઈ બારમેડા |
| ૩. | સોની મનીષ મંગલદાસ સોલંકી | ૧૧. | સોની નવિન વિશ્રામભાઈ કટ્ટા |
| ૪. | સોની જીજ્ઞેશ રમણીકલાલ સાકરીયા | ૧૨. | સોની ભરત વિશનજી ચૌહાણ |
| ૫. | સોની દિલીપ જેરામભાઈ કટ્ટા | ૧૩. | કંસારા ઉદય રમેશભાઈ ગુજરાતી |
| ૬. | સોની પ્રકાશ મોહનલાલ સોલંકી | ૧૪. | સોની નીલેશ ગૌરીભાઈ કટ્ટા |
| ૭. | સોની કમલેશ લક્ષ્મીદાસ કટ્ટા | ૧૫. | સોની મેબ્રીન આર. બગ્ગા |
| ૮. | સોની નિકુંજ ગોવિંદભાઈ બુદ્ધભટ્ટી | ૧૬. | સોની હર્ષિલ જેઠાલાલ |

| આમંત્રીત સદસ્ય | |
|---|---|
| ૧. | સોની દિનેશ બેચરલાલ બગ્ગા |
| ૨. | સોની તરૂણ પરસોત્તમભાઈ બારમેડા |

**મંત્રી**
ધીરજલાલ એમ. સોની

**પ્રમુખ**
પ્રફુલ એમ. કંસારા

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળ, નખત્રાણા

### શૈક્ષણિક સન્માન કાર્યક્રમ



શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિ 'યુવક મંડળ' દ્વારા જ્ઞાતિના બાળકોનું વર્ષ ૨૦૧૦ શૈક્ષણિક સન્માન પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતીના પ્રમુખ લખમશીભાઈ સોનીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ. દિપ પ્રગટાવી ખુલ્લો કાર્યક્રમ મુકતાં જ્ઞાતીના પ્રમુખ હિંમતલાલભાઈ સોનીએ જણાવેલ કે આવા શૈક્ષણિક કાર્યક્રમો યોજાય તે સમાજ માટે જરૂરી છે.

કાર્યક્રમ જેમાં શૈક્ષણિક અને સમાજના અગ્રણી કે જેમનું રાજકીય ક્ષેત્રમાં પણ યોગદાન છે, તેવા હિરાલાલભાઈ સોની, હેમેન્દ્રભાઈ કંસારા, કલ્પનાબેન સોની તથા હર્ષિલ સોની જ્ઞાતીના અગ્રણીઓ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું. તેમજ સામાજિક ક્ષેત્રે તેમજ રમત ગમત ક્ષેત્રે, આરોગ્યક્ષેત્રે ઉચ્ચ કક્ષાએ તેમનું સમાજના અગ્રણીઓ દ્વારા સન્માન કરવામાં આવેલ.

પ્રારંભમાં શીશુમંદિરથી ધો.૧૨ તથા કોલેજ તેમજ એલ.કે.જી. થી ધો.૧૨ (અંગ્રેજી માધ્યમ)ના વિદ્યાર્થી ભાઈબહેનોનું સ્મૃતિ ચિહ્ન તથા સન્માનપત્ર આપી સન્માન કરવામાં આવેલ.

પશ્ચિમ કચ્છ મારૂ કંસારા જ્ઞાતીના પ્રમુખ શ્રી લખમશીભાઈ સોની એ અધ્યક્ષસ્થાને જણાવ્યું હતું કે, છાત્રાઓને પ્રોત્સાહીત કરતા શિક્ષણનો પ્રવાહ આગળ ધપ્યો છે. સમુહ લગ્નોત્સવ રજતજયંતી નિમિત્તે આગામી ડિસેમ્બરમાં ભુજ જ્ઞાતી દ્વારા યોજાનાર ૨૫માં સમૂહ લગ્નની માહિતી આપી હતી તેમજ સમાજ તરફથી પૂરો સહયોગ આપવા જણાવ્યું હતું.

અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતીના અગ્રણી હિરાલાલભાઈ સોનીએ આવા શૈક્ષણિક સન્માનથી જ્ઞાતીના બાળકોમાં શિક્ષણનું પ્રમાણ વધે છે. તથા અભ્યાસમાં તેની ટકાવારી ઉચ્ચ કક્ષાએ પહોંચે છે તેમ જણાવ્યું હતું.

જ્ઞાતીના અગ્રણી હેમેન્દ્રભાઈ કંસારાએ જ્ઞાતીના સગપણ સાદાઈથી કરવા તથા શિક્ષણનું સ્તર ઉચું લાવવા અપીલ કરી હતી. યુવક મંડળના પ્રમુખ પ્રફુલભાઈ કંસારાએ કાર્યક્રમની રૂપરેખા આપી યુવક મંડળ દ્વારા રમતગમત, શૈક્ષણિક સન્માન તથા માતાજીના પાટોત્સવની તથા અન્ય શાકભાજી માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં કુલ્લે ૯૪ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માન પત્ર તથા ભેટસોગાદ આપી હતી. સામાજિક ક્ષેત્રે અમરનાથ યાત્રા કરી આવેલ તે બદલ જ્ઞાતીના કાંતીલાલ પી. કટ્ટા તથા બટુકભાઈ કટ્ટા તથાસામાજિક ક્ષેત્રે જયેશ મંગલદાસ સોલંકી તથા શૈક્ષણિકક્ષેત્રે હિરેન બારમેડા, રીધીબેન કટ્ટા, પૂનમબેન કટ્ટા તથા રમત ગમત ક્ષેત્રે ધર્મેન્દ્ર સોની તથા નીલમ સોનીનું સન્માન કરવામાં આવેલ હતું.

**જ્ઞાતિ સમાચાર**



આ પ્રસંગે મહિલામંડળના મંત્રી જ્યોતીબેન કટ્ટાએ જણાવ્યું હતું કે, નખત્રાણા યુવક મંડળ દ્વારા કોમ્પ્યુટર ક્લાસીઝમાં બાળકોની સાથે મહિલાઓએ પણ સમય સાથે તાલ મીલાવી કોમ્પ્યુટરનું જ્ઞાન મેળવવું જોઈએ. આ કાર્યક્રમમાં જ્ઞાતીના અગ્રણી પશ્ચિમ કચ્છ જ્ઞાતીના પ્રમુખ લખમશીભાઈ સોની, નખત્રાણા જ્ઞાતીના પ્રમુખ હિંમતભાઈ સોની, માંડવી જ્ઞાતીના પ્રવિણભાઈ સોની, હરેશભાઈ સોની, રમેશભાઈ બીજલાણી, વિનોદભાઈ હેડાઉ તથા નખત્રાણા જ્ઞાતીના મંત્રી રવજીભાઈ સોની, હરીલાલભાઈ હેમરાજ, હેમેન્દ્રભાઈ કંસારા, હિરાલાલભાઈ સોની, રતીલાલભાઈ હંસરાજ, ભોગીલાલભાઈ હંસરાજ, જેરામભાઈ સોની, ગંગારામસોની, મહામંત્રી, પશ્ચિમ કચ્છ, શાંતીલાલભાઈ કટ્ટા, રમેશભાઈ કંસારા, રમેશભાઈ કટ્ટા, શંકરલાલભાઈ સોની, દિનેશભાઈ જેઠાલાલ સોની, લહેરીભાઈ સોની, મોહનભાઈ સોની (વિરાણી જ્ઞાતીના પ્રમુખ), મહિલા મંડળના પ્રમુખ કલ્પનાબેન સોની, મંત્રી જ્યોતીબેન કટ્ટા, જયાબેન બુધ્ધભટ્ટી, દક્ષાબેન સોની, બીનાબેન કંસારા, કૌશલ્યાબેન કટ્ટા, ભાવનાબેન કંસારા, નિર્મળાબેન સોની હાજર રહ્યાં હતા.

આ સમારંભને સફળ બનાવવા માટે યુવકમંડળના સદસ્યો ધીરજલાલ બારમેડા, દિપક કટ્ટા, કૈલાશ કટ્ટા, મનીષ સોલંકી, જયેશ કટ્ટા, પ્રકાશ કટ્ટા, કૌશિક સોની, અનીલ સોલંકી, દિલીપ કટ્ટા, નવીન કટ્ટા, જીજ્ઞેશ સાકરીયા, તરૂણ સોની, નીલેશ કટ્ટા એ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન આનંદીબેન સોની અને આભારવિધી યુવક મંડળના પ્રમુખ પ્રફુલ કંસારાએ કરેલી હતી.

### અભિનંદન



કુ.અંજલી નરેશભાઈ સકરીયા
(જૂ.કે.જી.)
ગામ મંગવાણા, તા.નખત્રાણા



દિકરો વારસ છે તો
દિકરી આરસ છે.
દિકરો વંશ છે તો,
દિકરી અંશ છે
દિકરો આન છે તો
દિકરી શાન છે,
દિકરો તન છે તો,
દિકરી મન છે.
દિકરો માન છે તો,
દિકરી ગુમાન છે.
દિકરો સંસ્કાર છે તો
દિકરી સંસ્કૃતિ છે.
દિકરો આગ છે તો,
દિકરી બાગ છે
દિકરો દવા છે તો,
દિકરી દુઆ છે.
દિકરો ભાગ્ય છે તો,
દિકરી વિધાતા છે
દિકરો શબ્દ છે તો
દિકરી અર્થ છે
દિકરો ગીત છે તો
દિકરી સંગીત છે.
દિકરો પ્રેમ છે તો,
દિકરી પુજા છે.

**અવની કંસારા,**
**નખત્રાણા,**

હંસરાજ કંસારા

# સ્વ. જેઠાલાલભાઈ સોલંકી




ગત માસ (ઓક્ટોબર)ની ૨૬મી તારીખે, આપણા ભૂજ સમાજના, ગત - પેઢીના એક ખ્યાતનામ કલાકારનું ૮૭ વર્ષની પાકટ વયે, અવસાન થયું, માત્ર ભૂજમાં જ નહીં પરંતુ સમસ્ત કચ્છમાં તેમજ અન્યત્ર વસતા આપણા જ્ઞાતિબંધુઓ, જે ઓ તેમનાથી પરિચિત હતા કે એમના વિષે જાણતા હતા, સર્વેએ, ખેદ વ્યક્ત કર્યો. ભૂજ સમાજે, પાંખી પાડી, સદગતને હૃદયપૂર્વકની શ્રધ્ધાંજલી અર્પી. જ્ઞાતિ વડિલોએ, 'કચ્છવર્કની'ની આપણી વિસરાતી વિરાસતના આ આખરી વારસદારની વિદાય સાથે કચ્છ-વર્ક કલાનો યુગ પણ વિલોપ થયો હોવાનો ભાવ વ્યક્ત કર્યો.

'કચ્છ વર્ક'ના આ કલાકાર હતા સ્વ. જેઠાલાલભાઈ. સંવત ૧૯૨૩માં ભુજ મધે, માતા જાનુબેનની કુખે એમનો જન્મ થયો. એમના પિતાશ્રી સ્વ. નાનજીભાઈ ગેલા સોલંકી, ભૂજમાં ત્રાંબા-પિતળનું ઢાળકામ કરતા. ત્રણ ભાઈઓ અને પાંચ પહેનોમાં સૌથી નાના જેઠાલાલ, બાળવયથી જ પિતા તેમજ મોટાભાઈ માધવજી સાથે એમના પરંપરાગત કસબ, કાસ્ટીંગ કામ શીખવા લાગ્યા, ત્રાંબા-પિત્તળના બેડાના કાંઠલા ઢાળવાના કામમાં એમનો હાથ અજમાવવા લાગ્યા, પરંતુ 'પુત્ર ના લક્ષણ પારણામાં....' કહેવત મુજબ,



આ બાળ-કસબીની 'કાળા દૃષ્ટિ' છાની ન રહી. તેઓ આશરે પંદરેક વર્ષના હશે, ત્યારે કચ્છ રાજ દ્વારા આયોજીત 'માટી કળા' સ્પર્ધામાં એમણે ભાગ લીધો. એમની



*ઈન્ટરનેટ પર ગુગલ સર્ચ કરતાં, આપણને આ 'વર્ક'ના આપણી જ્ઞાતિના નામી કલાકારોની કૃતિઓ જોવા મળે છે. અત્રે પ્રસ્તુત છે, એની એક ઝલક. આ કલેરેટ જગ ઉમરશી માવજીએ (૧૮૬૦-૧૮૯૦)માં બનાવેલો છે. આ તસવીર રીચાર્ડ ગુડફ્લોએ લીધી છે. પોલ ઓફ વોલ્ટરનું કલેક્શન છે.*

આંગડીઓએ એ ભીની માટીમાંથી ગુલાબની પાંખડીઓનું અદભૂત સર્જન કર્યું. એમની કૃતિ શ્રેષ્ઠ ઠરી. પ્રથમ ઈનામ મેળવ્યું. એ જમાનામાં માતબર ગણાય તેવું ઈનામ દર માસે, ચોખી ચાંદીનો-રીંગવાળો ખણખણતો પાંચિયો એમને મળતો જે એમને જલસા કરાવતો, એમ એ ગર્વથી કહેતા.

જેઠાલાલની કળા-સૂઝે, એમને હુન્નર શાળામાં દેવજીભાઈ ગજ્જરના ગુરૂપદે અભ્યાસ કરતા કર્યા. કચ્છની હુન્નર શાળા એ સમયે આખા ભારતમાં એક જ હતી. જેણે આપણી જ્ઞાતિની અનેક પ્રતિભા ઝળકાવી છે. ખાસ કરીને આપણું 'કચ્છ વર્ક'નું કામ વિશ્વ-વિખ્યાત હતું.

સ્વ. જેઠાલાલભાઈએ પણ આ કળા હસ્તગત કરી હતી. અત્રે પ્રસ્તુત એમણે સર્જેલી કેટલીક બેનમૂન કૃત્તિઓની તસવીરો એમની કળા દ-ષ્ટિ ઉજાગર કરે છે.

પરંતુ આપણા 'કચ્છ વર્ક'ની સૌથી મોટી કમનસીબી એ રહી કે એને હંમેશાં 'કસબ' ગણવામાં આવ્યું. કળા નહીં. જ્યારે કે ચાંદી ના પતરા પર નાનકડી હથોળીના શિસ્તબધ્ધ પ્રહારે ઊભરતી બારીક રેખાઓ માત્ર જન્મજાત કલાકાર જ કલ્પી અને આરખી શકે અને માત્ર કદરદાનો જ એને પારખી શકે.

સમયાંતરે, 'કલ' યુગમાં 'કલા' મારજીનમાં ધકેલાતી ગઈ. ઝડપી માસ-પ્રોડકશન અને બેફામ ઉપયોગની ભોગવાદી માનસિકતાએ આ કળાની કદર ઘટતી ગઈ. કોઈ ચિત્રકારના કેનવાસ પર ન સમજાતી, કૃતિ માટે કરોડો ખર્ચનારાઓ

(અનુ. ૧૮ પેજ પર)

પ્રથમ એક્ઝીબીશનની અભૂતપૂર્વ સફળતા બાદ

# ગુજરાતનું નં. ૧ જ્વેલરી એક્ઝીબીશન

# Gujarat Jewellery Show-2011

GUJARAT JEWELLERY SHOW GJS The Trend of Trade

તારીખ **૨૧-૨૨-૨૩** જાન્યુઆરી ૨૦૧૧

SPONSOR

M.I.SONI
AN EXQUISITE JEWELLERY
MAHESHBHAI I. SONI JEWELLERS

DIRECTORY SPONSOR
Sanjaykumar Manubhai Soni

**સ્થળ**

ગુજરાત યુનિવર્સીટી એક્ઝીબીશન હોલ, હેલ્મમેટ સર્કલ પાસે,
૧૩૨ રીંગ રોડ, અમદાવાદ, ગુજરાત.

**પ્રદર્શન સમય : સવારે ૧૦ થી સાંજે ૬**

**પિયુષ આચાર્ય : ૯૯૨૫૪ ૦૪૦૫૨ જીજ્ઞેશ પાટડીયા : ૯૨૨૭૮ ૨૮૬૦૨**

સોનાના ભાવના ફ્રી SMS માટે સંપર્ક કરો : ૯૨૭૪૩ ૬૦૫૮૨
ટીકીટ માટે ઈન્કવાયરી : ૯૨૭૪૩ ૬૦૫૮૨
ડીરેક્ટરી એડવર્ડટાઇઝ માટે ઈન્કવાયરી : ૯૯૨૪૨ ૨૨૫૨૪

**LOG ON TO**
www.indianjewellerydirectory.com

e-mail : gjsevent@gmail.com

# Gujarat Jewellery Show-2011

સ્પેશયલ ઓફર : ૨ ટીકીટ ઉપર

## ૧ ટીકીટ ફ્રી

(નોંધ : ઓફર વેલીડ ૧૫-૦૯-૨૦૧૦

ટીકીટ હેલ્પ લાઈન નંબર : ૯૨૭૪૩ ૬૦૫૮૨

## TICKET COUNTER (GUJARAT)

| CITY | FIRM | OFF.NO | MOB.NO |
|---|---|---|---|
| AHMEDABAD | BHAVESHBHAI M. PATADIA | 079-39823159 | 98258 60609 |
| AHMEDABAD | AKSHAR TOUCH | 079-22149770 | 98259 54638 |
| AHMEDABAD | ASHISH JEWELLRY MART | 079-22146081 | 98792 92888 |
| AHMEDABAD | NEW ASHISH JEWELLRY MART | 079-25356968 | 98792 92888 |
| AHMEDABAD | LIBERTY ARTS | | 98793 53435 |
| SURENDRANAGAR | I.K. GOLD | | 98248 13248 |
| RAJKOT | GOKUL TOUCH | | 98981 88829 |
| RAJKOT | R.K.SILVER | 0281-2237691 | 98245 47312 |
| MORBI | J.P. JEWELLERS | | 98980 33685 |
| JAM NAGAR | ADESHRA DILIPBHAI TULSIDAS | | 98244 25554 |
| JUNAGADH | KANCHAN KARYALAY | 0285-2650984 | 99984 06006 |
| AMRELI | SHREENATH JEWELLERS | | 94272 30620 |
| GANDHIDAM | ARADHANA JEWELLERS | 02836-238297 | 98253 85470 |
| ANJAR | SONI MAGANLAL MONJIBHAI | 02836-243136 | 93279 71018 |
| BHUJ | K.C. JEWELLERS | 02832-226733 | 98253 24733 |
| NADIAD | DIPAK TOUCH | 0268-2565163 | 98251 77756 |
| ANAND | SHREE SIDDHESHWARI JEWELLERS | 02692-266317 | 94292 52838 |
| BORSAD | HARI JEWELS | 02696-224350 | 98243 80640 |
| KHAMBHAT | JAGDISHCHANDRA SANTILAL CHOKSI | 02698-221827 | 98259 01202 |
| KADI | SONI SANTILAL SUKHALAL JEWELLERS | | 98981 93335 |
| MEHASANA | JAMBUDRIP JEWELLERS | 02762-222247 | 94276 76994 |
| VISNAGAR | AABHUSAN JEWELLERS | 02765-222645 | 94290 60822 |
| PALANPUR | SAKHI JEELLERS | 02742-262876 | 94260 65876 |
| PATAN | BHANUBHAI JEWELLERS | 02766-223758 | 98245 49794 |
| DEESA | HARIOM JEWELLERS | 02744-222122 | 98254 05001 |
| ANKLESHWAR | AJAY JEWELLERS | | 94278 73455 |
| BHAV NAGAR | S.B.JEWELLERS | 0278-241413 | 98755 02941 |
| BHAV NAGAR | DHARMADA NO KATO | | |
| MEHASANA | PATEL JEWELLERS | 02762-251001 | 98250 30822 |
| VADODARA | SUWARNKALA | 0265-2350642 | 98240 58982 |
| HIMAT NAGAR | BALKRUSHNA JEWELLERS | 02772-244333 | 98987 01997 |
| IDAR | VINOD ZAVERI | 02778-250610 | 94270 80179 |
| BOTAD | SONI BALVANTRAI VADILAL | 02849-253692 | 98988 42242 |
| GONDAL | ANUPAM JEWELLERS | | 98984 93244 |
| MODASA | NITINBHAI BHAILALBHAI SONI | 02774-242 264 | 98240 75175 |
| SURAT | HEMRATNA JEWELLERS | | 98254 98381 |
| BHARUCH | BANSURI JEELLERS | 02642- 645 610 | 94271 30809 |
| NAVSARI | BIMALBHAI D. SONI | | 98253 29094 |
| THARAD | RAJ RAJESHWARI JEWELLERS | | 99255 46233 |
| SURAT | MAHALAXMI JEWELLERS | | 98253 86115 |

# વિસરાતી વિરાસતના વારસદાર

હંસરાજ કંસારા

(વિસરાતી વિરાસતના વારસદાર પૃ.૧૫નું શેષ

તો આજે અનેક છે, પરંતુ ધાતુ પર દિવસો - મહિનાઓ કે વરસો સુધી ધિરજ થી આરખેલી કોઈ શણગાર કે ગ્રહશુશોભન વસ્તુને માત્ર એની ધાતુની કિંમતને આશરે રહેવું પડે છે. એનો કલાકાર માત્ર કારીગર કહેવાય છે એણે આપેલા સમય અને એની કલાદષ્ટિનો કોઈને અંદાજ નથી. કલાકાર માત્ર એની 'કલા' પર મુસ્તાક રહીને ક્યાં સુધી જીવી શકે? એનો અને એના પરિવારના જીવન માટે આખરે કંઈક વ્યવસાય તો કરવો જ પડે. આશરે ૫૫ વર્ષ પહેલાં સ્વ. નરભેરામભાઈ રવજી સોલંકીના પ્રોત્સાહનથી જેઠાલાલભાઈએ કચ્છ વર્ક ઉપરાંત રૂપાના તોડા બનાવવાનું કામ શરૂ કર્યું, જે આજ પણ એમનો પારિવારીક વ્યવસાય છે.


જેઠાલાલભાઈના 'કસબ'ની કદર નહોતી એવું નથી. ભારત આઝાદ થયું ત્યારબાદ 'ગ્રહ ઉદ્યોગો'ને ઉત્તેજન આપવા અનેક યોજનાઓ કાર્યાન્વિત થઈ. લગભગ ૨૬ વર્ષ પહેલાં, જેઠાલાલભાઈએ એમના પુત્ર સ્વ. અરવિંદ તેમજ હરેશની વિશેષ ઋચિ જોતાં, ફરી 'કચ્છ વર્ક'નું કામ હાથ ધર્યું, અનેક કૃતિઓનું સર્જન કર્યું, જેમાં ચાંદીની ડીશો, બેડાં શ્રીફળ, કંકાવટી, ફોટો ફ્રેમ, પાવડરના ડબ્બા (એપલ) દેવ દેવીના સિંહાસન, ગરબા વિ. બનાવવા લાગ્યા, રાજ્ય તેમજ જિલ્લા કક્ષાના અધિકારીઓ એમના કસબની કદર કરતા. પ્રદર્શનો સ્પર્ધાઓ આદીમાં ભાગ લેવા આગ્રહ કરતા. પરંતુ આ પરિવાર મોટે ભાગે પ્રસિધ્ધથી દૂર રહ્યો. તેમ છતાં, સ્વ. અરવિંદે, જિલ્લા ઉદ્યોગ વિભાગ દ્વારા ગુજરાતમાં આયોજિત 'હસ્ત કળા'



સ્પર્ધામાં દ્વિતિય ક્રમ મેળવ્યો હતો.

જેઠાલાલભાઈ 'બહુ આયામી' હતા. કચ્છ રાજયના ચલણમાં 'ઢબ્બુ'નો વિંધવારો સિક્કો બન્યો, તેનું પટ્ટી-કાસ્ટીંગ એમણે કર્યું હતું. એમની આંગળીએ રેખાઓ રમતી. પરિવારના સભ્યોના પોટ્રેટ, તેઓ પેન્સીલથી આબેહુબ આરખતા. એમણે નવરાત્રી દરમિયાન, ફળીયામાં રમાતી, ગરબીના ચોકમાં 'ગીતા-ઉપદેશ' આપતા રથમાં સવાર 'કૃષ્ણ'ના કટાઉટ સાથે પૃષ્ઠભૂમીમાં પાંડવ કૌરવના સૈન્યના ઓઈલ-પેઈન્ટીંગ બનાવેલા જેની ભૂજવાસીઓએ ખુબજ પ્રશંશા કરેલ હતી.

સ્વ. જેઠાલાલભાઈ માત્ર કલાકાર ન હોતા. સમયાનુસાર વ્યવસાયને વળાંક આપી એમના પરિવારના સમૃધ્ધ જીવન યાપનની પણ એમને ખુબ દરકાર હતી.




૧૯૭૧ સુધી 'તોડા'નું કામ ઘર બેઠે કર્યું, ત્યારબાદ પુત્રો સાથે ભૂજની કંસારા બજારમાં સોના ચાંદીના આભૂષણોની દૂકાન કરી. ૧૯૮૪માં ઊભા કાઉન્ટરનો પ્રથમ શો રૂમ શરૂ કરવાનું શ્રેય એમના પરિવારને જ જાય છે. આગળ જતાં એના પારિવારીક હિસ્સા થયા. આ જ પણ એના એક ભાગમાં એમના પુત્ર શ્રી અમૃતલાલભાઈનો શો રૂમ છે.

સદ્‌ગતના સંતાનોમાં સાત પુત્રો અને એક પુત્રી થયા. એક પુત્ર, જેને વારસામાં પિતાની કળાદષ્ટિ મળી હતી તેનું અકાળે અવસાન થયું.

જયેષ્ઠ પુત્ર, શ્રી અમૃતલાલભાઈ સોલંકી, વર્ષોથી જ્ઞાતિ-સેવા કાર્ય સમર્પિત છે. આ વરસે, હવે ગણત્રીનાં દિવસોમાં, આપણો ભૂજનો સમાજ એમના ૨૫માં 'સમુહ લગ્ન-સમારોહ'નું આયોજન કરી રહ્યું છે, ત્યારે શ્રી અમૃતલાલભાઈની સમાજ સેવા યશસ્વી કારકીર્દીની ઝલક જોવા મળશે. આજથી પચ્ચીસ વર્ષ પહેલાં શ્રી અમૃતલાલભાઈ અને એમના સાથીઓએ પ્રથમ સમૂહ લગ્ન યોજવાનું સાહસ કરેલું, જે પ્રવૃત્તિ આજે આપણા સમસ્ત સમાજના શીર મોર સમી દીપે છે. આવા સમાજ સેવી સપૂતના પિતાશ્રી અને જન્મજાત કચ્છ વર્ક કલાકાર સદગત જેઠાલાલભાઈના જીવનની આ આછેરી ઝલક છે. સમાજ જયારે 'ગૌરવદીન' ઊજવી રહ્યો છે ત્યારે 'કચ્છ વર્ક'ને 'નવજીવન બક્ષવા 'આભૂષણકળા'માં નવી પેઢી રસ લેતી થાય તે માટે સંસ્થાકીય રીતે જો કોઈ નક્કર આયોજન થાય તો, ડીઝાઈનર પ્રોડક્ટની હાલે જે હવા છે, તેમાં આપણું કચ્છ વર્ક અવશ્ય ફૂલે ફાલે આપણા યુવા વર્ગને વારસાગત વ્યવસાય ફળે.

## કોમ્પ્યુટરનો કક્કો - ૧૭

તુલસીદાસ એલ. કંસારા




**હાર્ડવેર :**

**મોનીટર (Monitor)** એટલે એક હાર્ડવેર જ સામે દેખાય છે અને તેને અન્ય કમ્પ્યુટરના ભાગો જવાકે માઉસ, કિબોર્ડ, પાવર સપ્લાય, મધરબોર્ડ, વિ. સાથે જોડીએ નહીં ત્યાં સુધી તેનો કોઈ ઉપયોગ નથી. તેને ડીસ્પ્લે કે ટર્મીનલ (display કે terminal) પણ કહેવાય છે. એકથી વધુ મોનીટરને એક કમ્પ્યુટર સાથે પણ જોડી શકાય છે, અને જો સોફ્ટવેર કે ડ્રાયવર એ પ્રમાણે હોય તો દરેક મોનીટરમાં દેખાતાં દ્રશ્યને વહેંચી શકાય છે. હવે ભારેખમ પીક્ચર ટ્યુબ (Picture tube) કે સી.આર.ટી.(CRT - cathode ray tube)ની જગ્યાએ સ્લીક અને સેક્સી એલ.સી.ડી. (LCD - liquid crystal display) કે પ્લાઝમા (Plasma) મોનીટર આવી ગયા છે. સી.આર.ટી. મોનિટર વધારે વજન ધરાવતાં હતાં તેમજ વધારે જગ્યા પણ રોકતા હતાં અને પાવરતો ખાતાં જ હતાં. એટલે જ, તેનાથી સલામત અંતર રાખીને કામ કરવું સલાહભર્યું હતું કે જેથી આખોને વધુ નુકશાન ના થાય. તમને યાદ હોય આ કારણેજ, આખોને બચાવવા માટે જ તેના ઉપર ફિલ્મ લગાવવામાં આવતી હતી.

હવે તો, LCD કે પ્લાઝમા ટીવીનો પણ કમ્પ્યુટર સ્કીન તરીકે ઉપયોગ કરી શકાય છે. આ માટે, જ તે ટીવીમાં વી.જી.એ. કનેક્ટર (VGA - video graphics adapter) હોય છે. તો સામે કમ્પ્યુટરમાં પણ ટીવી ટ્યુનર (TV tuner) કાર્ડ નાંખીને, કેબલ લગાડી શકાય છે અને ટીવીની માફક જ ચેનલ નીહાળી શકાય છે. કમ્પ્યુટર કે લેપટોપમાં ઘણી વાર S-Video કનેક્ટર હોય છે, જેનાથી ટીવી પર કમ્પ્યુટરનો આઉટપટુ આપી શકાય, પરંતુ ટીવીમાં જો VGA કનેકટર હોય તો એ વાપરવું હીતાવહ છે. એનાથી દશ્ય વધારે સારું દેખાશે.

મોનીટરો અનેક બાબતોમાં અલગ પડતાં હોય છે, જમાંથી નીચેની બાબતો મુખ્ય છેઃ

કોંસ્ટ્રાસ્ટ રેશીયો (contrast ratio) સહુથી પ્રકાશીત ટપકું (સફેદ) અને સહુથી ઘેરું ટપકું (કાળું) વચ્ચે પ્રતીદીપ્તી (લ્યુમીનંસ-luminance)ની સરખામણી. LCDમાં આ રેશીયો ઘણો ઓછો હોય છે. જો કે, સેમસંગના LCD મોનીટરનો રેશીયો ઘણો સારો હોય છે.

રીફ્રેશ રેઈટ (refresh rate)-એક વાર સ્ક્રીન રચવામાં લાગતો સમય. આ બાબતે પણ CRT ઘણાં સારા હોય છે. સેમસંગ (samsung) કે એલ.જ. (LG) LCDનો રીફ્રેશ રેઈટ પ્રમાણમાં સારો જણાયેલ છે.

આસ્પેકટ રેશીયો (aspect ratio) હોરીઝોંટલ (horizontal) અને વર્ટીકલ (verticle) માપનું પ્રમાણ. અત્યાર સુધી ૪:૩ના મોનીટર આવતાં હતાં, હવે ૧૬:૯ જેને વાઈડ સ્ક્રીન (wide screen) કહે છે, એવાં મોનીટર મળે છે. ધારો કે ૧૦૨૪ પીક્સેલ (pixel) અર્થાત ટપકાં જેટલી પહોળાઈ ધરાવતાં મોનીટરનો આસ્પેકટ રેશીયો જો ૪:૩ હોય તો એની ઊંચાઈ ૭૬૮ પીક્સેલ હશે, જયારે ૧૬:૯ વાળા મોનીટરની ઊંચાઈ ૫૭૬ પીક્સેલ હશે.

રીઝોલ્યુશન (resolution) મોનીટરમાં કેટલાં પીક્સેલ છે એનું માપ. જેમ કે, ૧૦૨૪ X ૭૬૮ વગરે.

પીક્સેલ રચવા માટે CRT લાલ-



લીલો-ભુરો (RGB) રંગનાં કીરણો મીશ્રીત કરીને જ તે રંગ નીપજવે છે. જયારે, LCDમાં પીક્સેલને ઈલેક્ટ્રીકલ સીગ્નલ આપવામાં આવે છે અને એ પીક્સેલ જ તે રંગ ધારણ કરે છે.

**ઈનટરનેટ Domain Suffix :**

ડોમિન સફિક્ષ એટલે ડોમિના નામનો છેવાડા નો ભાગ જ ડોટ કે ટપકા ની પછી લખવામાં આવે છે, દા.ત. ".કોમ" કે ".નેટ" અને ".ઓઆરજી" આને ટોપ લવેલ ડોમિન (TLD) પણ કહેવામાં આવે છે. ઈન્ટરનટે કોર્પોરેશન ફોર એસાઈન્ડ નેઈમસ એન્ડ નંબર્સ (ICANN) નામની નોન-પ્રોફિટ કોર્પોરેશન જે આઈ.પી. એડ્રેસની ફાળવણી માટે જવાબદાર છે, તેઓએ આવા એકાદ ડર્ઝન ડોમિનને બહાલી આપેલ છે. દરેક ડોમિન સફિક્ષનો હેતુ વેબસાઈટ ક્યા પ્રકારની છે તે દર્શાવવા માટેનો હોય છે. દા.ત. .કોમ, કોમર્સીઅલ કે ધધાંકીય વ્યાપારિક વેબસાઈટ માટે હોય છે, તો ઓઆરજી ઓર્ગેનાઈઝેસન કે સંસ્થાઓ માટે હોય છે. આમ છતાં પણ



આવું હંમેશા બનતું નથી કારણકે કેટલીક બિન વ્યાપારિક સંસ્થાઓ પણ .કોમ તરીકે રજીસ્ટર થયેલ જોવા મળે છે, જયારે કેટલાક ધંધાકીય સાહસો પણ .ઓઆરજી તરીકે હોય છે. આવીજ રીતે દરેક દેશની વેબસાઈટના પણ અલગ ડોમિન સિફક્ષ હોય છે, દા.ત.

યાહુએ ભારત માટે તેની ઈમેઈલની વેબસાઈટને છેડે .ઈન લગાવેલ છે. ચાઈના .સીએન વાપરે છે તો બાઝીલ .બર નો ઉપયોગ કરે છે.

**AIFF (Audio Interchange File Format):**

જેવી રીતે ઈન્ટરનેટ માં ડોમિન સિફક્ષ હોય છે તેવીજ રીતે કમ્પ્યટરમાં સંગ્રહવામાં આવતી ફાઈલો ને પણ છેડે ટપકા પછી જ અક્ષરો જોડવામાં આવે છે તેને ફાઈલ ફોરમેટ કહેવામાં આવે છે. દા.ત.એઆઈએફફ. જેનો મતલબ થાય છે ઓડિયો ઈન્ટર્ચેજ ફાઈલ ફોરમેટ. ઓડિયો ઈન્ટર્ચેજ ફાઈલ ફોરમેટ નું ટુંકું સ્વરૂપ એટલે એઆઈએફ કે એઆઈએફએફ. મળૂ એપલ કમ્પ્યુટર દ્વારા ઉચ્ચ કોટી ના સેમ્પલ ઓડિયો સંગ્રહ માટે વિકસાવેલ તેનું આ ફોરમેટ સાઈઝ અને ગુણવત્તામાં વિન્ડોઝના વેવ ફાઈલ જેવુજ છે. એઆઈએફ તેમજ વેવ બંને સીડી ક્વોલીટીની ઓડિયો સંગ્રહી શકે છે અને તેથી ઓડિયો સીડી ઉપર તે બર્ન કરી શકાય છે, મતલબ ભૂંસી ના શકાય તેમ લખી શકાય છે. જોકે આ એઆઈએફ ફોરમેટ એપલે બનાવેલ હતું પરંતુ ઓડિયો પ્રોગામો મેક તેમજ પી.સી. બંને આ ફાઈલોને

લાક્ષણિક રીતે વાંચી શકે છે.

**બેચ ફાઈલઃ**

આ એક એવા પ્રકારની લીપી છે કે જે એક કરતાં વધારે કમાન્ડો, કહોકે કમાન્ડોનું એક લીસ્ટ ધરાવે છે. આ કમાન્ડો કે સૂચનાઓ નો અમલ એવા અનુક્રમમાં થાય છે કે તેનો ઉપયોગ સ્વયમ સંચાલિત - ઓટોમેટીક પ્રક્રિયા માટે થાય છે. બેચ ફાઈલો કમાંડ ડોટ કોમ પ્રોગામથી ચાલે છે. જે ડોઝ અને વિન્ડોઝ નો ભાગ છે. તેથીજ બેચ ફાઈલો માત્ર વિન્ડોજ ઓપરેટીંગ સીસ્ટમ ઉપરજ ચાલી શકે છે.

**Bitmap (બીટમેપ) :**

બીટમેપ નું ટુંકું સ્વરૂપ એટલે બીએમપી તનો ઉચ્ચાર બમ્પ તરીકે પણ કરવામાં આવે છે. ઘણી વખત તેને બીટમેપ ઈમેજ પણ કહેવામાં આવે છે. આ ફોરમેટ નો સામાન્ય ઉપયોગ ઈમેજ કે ચિત્ર ને રોસ્ટર ગ્રાફિક ફોરમેટ ફાઈલમાં સંગ્રહવા માટે થાય છે. તેને શરૂઆતમાં વિન્ડોઝ પ્લેટફોર્મ ઉપર દાખલ કરવામાં આવેલ હતું, પરંતુ હવે મેક તેમજ પી.સી. ના અનેક પ્રોગામો તેનો સ્વીકાર કરે છે. તમે જ મોટા ભાગની ઈમેજો કે ચિત્રો કમ્પ્યુટરના પડદા કે સ્કીન ઉપર જુઓ છો અને જ ફોટો તમે વેબ ઉપરથી કે તમારા ડીજટલ કેમેરામાંથી મેળવો છો તે રોસ્ટર ગ્રાફિક કહેવાય છે. તે પિક્ષલોની જાળીની જેમ બનાવવામાં આવેલ હોય છે અને સામાન્ય રીતે બીટમેપ તરીકે ઓળખવામાં આવે છે.

બીટમેપ ફોરમેટ ની અન્ય ખુબી એ છે કે તે ઈમેજ ના દરેક પિક્ષલના કલરની આધારભતૂ માહિતી ને સકુંચિત કર્યા વિના, દાબીને થોડી જગ્યામાં સમાવ્યા વિના સંગ્રહે છે દા.ત. તે ૧૦x૧૦ પિક્ષલની બીએમપી ઈમજેમાં કલરને લગતી માહિતી સો -૧૦૦ પિક્ષલ ની હોય છે. આ જાતની ઈમેજ સંગ્રહવાની પદ્ધતિ કે સગવડ તમને ચેતનવંતુ, વ્યવસ્થિત, સારી ગણુવત્તાવાળું ગ્રાફિક કે ચિત્ર આપશે, જેને તમે મોટી સાઈજ નું કરશો, એન્લાર્જ કરસો તો પણ તેની ક્વોલીટી સારી રહશે. જેપીઈજ અને જિઆઈએફ ફોરમટો પણ બીટમેપ જ છે, પરંતુ તેમાં ઈમેજ ને દબાવવામાં આવે છે, કોમ્પ્રેસ કરવામાં આવે છે તેથી તેની ફાઈલ ની સાઈજ સારી એવી નાની બની જાય છે, જેને કારણે જપીઈજ અને જિઆઈએફ ઈમેજો નો ઉપયોગ વેબ ઉપર વધારે જોવા મળે છે, જયારે બીએમપી ઈમેજો મોટે ભાગે પ્રિન્ટીંગ માટે વાપરવામાં આવે છે. આવી ફાઈલોનું ને છેવાડે ડોટ પછી બીએમપી લખવામાં આવે છે, જ તમે કદાચ જાણતા હશો તે મુજબ એક્સટેન્સન કહેવાય છે.

ગયે વરસે મે બોયફ્રેન્ડ ૫.૦ ને હસબંડ ' ૧.૦ મા ' અપગ્રેડ કરાવ્યો અને મેં અનુભવ્યું કે આખી સીસ્ટમ નું પરફોર્મન્સ એકદમ સ્લો થઈ ગયું છે, ખાસ કરીને ફલાવર અને જ્વેલરી એપ્લીકેસનો, જ સરસ રુકાવટ વગર ચાલતા હતા તે સાવ ધીમા થઈ ગયેલ છે. અને વધારે માં હસબંડ '૧.૦ ને કારણે બીજ ઘણા અગત્યના પ્રોગામો નીકળી ગયા છે, અન-ઈન્સ્ટોલ થઈ ગયેલ છે, જેવાકે રોમાન્સ ૯.૫ અને પર્સનલ એટેન્સન ૬.૫, અને વધારામાં ન જોઈતા, નાખીદેવા જવા પ્રોગામો જવાકે

ન્યુઝ ૫.૦, મની ૩.૦ તેમજ ક્રિકેટ ૪.૧ દાખલ થઈ ગયેલ છે. વાતચીત ૮.૦ હવે કામજ નથી કરતું. અને હાઉસ ક્લીનીંગ ૨.૬ આખી સીસ્ટમ ને ક્રેશ કરી નાખે છે.

તમે ખાસ નોંધ લ્યો કે મેં નેગીંગ ૫.૩ ચલાવી ને આ તકલીફો દૂર કરવાની કોશીશ કરી પરંતુ કોઈજ ફાયદો થયેલ નથી.

હવે મારે શું કરવું ?

**જવાબઃ**

સૌથી પહેલાતો એ ખ્યાલમાં રાખો કે બોયફ્રેન્ડ ૫.૦ એક મનોરંજન પેકેજ છે, જયારે હસબંડ ૧.૦ એક ઓપરેટીંગ સીસ્ટમ છે.

હવે મહરેબાની કરીને આ કમાંડ દાખલ કરો : ithoughtyoulovedme.html અને ટીયર્સ ૧.૦ ને ડાઉનલોડ કરવા પ્રયત્ન કરો અને સાથે સાથે ગીલ્ટ (પાપ કર્યાની લાગણી) ૩.૦ ને અપડટે કરી ને ઈન્સ્ટોલ કરવાનું ન ભલૂ શો.

આમછતાં પણ યાદ રાખજો કે ઉપરની એપ્લીકેશન નો વધારે પડતો ઉપયોગ હસબંડ ૧.૦ ને ચોકસ પણે બાય ડીફોલ્ટ સાયલેન્સ ૨.૫ કે બીયર ૬.૧ માં લઈ જશે. એ નોધી લેશો કે બીયર ૬.૧ એક ખબૂ જ ખરાબ પ્રોગામ છે જે સ્નોરીંગ લાઉડ બેટા મતલબ મોટેથી નશકોરા બોલાવતા પ્રોગામ ને ડાઉનલોડ કરી નાખશે.

તમે ગમે તે કરો પરંતુ કોઈપણ સંજોગોમાં મધર-ઈન-લો ૧.૦ પ્રોગામ ઈનસ્ટોલ ન કરતા. (તેમાં એક વાયરસ છે જ ચાલુ થઈ જાય છે અને તમારી આખી સીસ્ટમ નો કબજો લઈ લે છે. ) વધારે માં મહરેબાની કરીને બોયફ્રેન્ડ ૫.૦ પ્રોગામ પણ ઈનસ્ટોલ કરવાની કોશિશ ના કરતા. તે કોઈ પણ જાતના સપોર્ટ વગરનો પ્રોગ્રામ છે અને હસબંડ ૧.૦ ને ગમે ત્યારે ક્રેશ કરી નાંખશે. ટૂંક માં હસબંડ ૧.૦ એક ખબૂ જ સરસ પ્રોગ્રામ છે, પરંતુ તેની સ્મરણ શક્તિ મેમરી લીમીટેડ છે અને તે નવા એપ્લીકેસનસ ઝળપથી શીખી શકતો નથી. તમે કદાચ તેની મેમરી તેમજ તેની કાર્યક્ષમતા વધારવા માટે વધારાના સોફટવેર ખરીદવાનું વિચારી શકો . આ માટે અમે તમને કુકિંગ ૩.૦ અને હોટ લૂકસ ૭.૭ ની ભલામણ કરીએ છીએ.

**ગુડ લક મેડમ !**

## એક વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ - ઓપ્ટોમેટ્રી

**સંકલીત**

કેટલીક વ્યક્તિઓને બાળપણથી જ નજીકનું અથવા દૂરનું સ્પષ્ટ દેખાતું નથી. બીજો એક આયુ વર્ગ એવો છે કે જેને ચાલીસ વર્ષ પછી નજીકનું સ્પષ્ટ દેખાતું નથી. આથી દૂરદષ્ટિની ખામી, ઝાંખાપણું,ઓછું દેખાવું વગેરે જેવા દૃષ્ટિદોષ સર્જાય છે.

આંખની આવી તમામ તકલીફોમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી આંખોની વિવિધ કસરત દ્વારા કે વિઝનથેરપી દ્વારા સારવાર કરનાર અથવા જરૂર હોય તો આંખોની ચશમા દ્વારા દષ્ટિદોષનું કારણ જાણી સલાહ આપવાનું કાર્ય કરતા સ્વતંત્ર વ્યવસાયીક વ્યક્તિને ઓપ્ટોમેટ્રિસ્ટ તરીકે ઓળખવામાં આવે છે.

દૃષ્ટિની ખામીઓની સારવાર માટે વૈજ્ઞાનિક ઢબે ચશ્માનાં નંબર તપાસી ચશ્માં કેયોગ્ય સાઈઝ અને નંબરના કોન્ટેક્સ લેન્સ પહેરવાની સલાહ આપવાનું કાર્ય પણ ઓપ્ટોમેટ્રિસ્ટ કરે છે.

એક તબક્કે ઓપ્ટોમેટ્રિસ્ટના વ્યવસાયીક ચશ્માંની દુકાનવાળા તરીકે ઓળખાતા હતા. ઓપ્ટોમેટ્રિસ્ટ સર્જરી સિવાયના આંખ અને દૃષ્ટિ વિજ્ઞાનને લગતા તમામ કાર્યો અને સારવાર કરી શકે છે. જેનો વૈજ્ઞાનિક ઢબે વિકસેલો અભ્યાસક્રમ છે, બેચલર ઓફ ઓપ્ટોમેટ્રી, આ અભ્યાસક્રમ ૩ વર્ષનો છે. જેના પછી એક વર્ષની ઈન્ટરનશિપ સાથે કુલ ચાર વર્ષનો ડિગ્રી અભ્યાસક્રમ છે.

અખિલ ભારતીય આયુવિજ્ઞાન સંસ્થાનના નેત્ર-વિજ્ઞાન સંસ્થાનમાં આ અભ્યાસક્રમ Bsc (Hon's) (optemetry) ચાલે છે.

ગુજરાતમાં આ અભ્યાસક્રમ માટેની કોલેજોમાં પ્રવેશ માટે બી.જે. મેડિકલ કોલેજ અમદાવાદ ખાતેની સેન્ટ્રલાઈઝડ્ મેડિકલ એડમિશન કમિટી દ્વારા કેન્દ્રીય ધોરણે મેરિટના આધારે પ્રવેશ આપવામાં આવે છે. આ અભ્યાસ માટે ૧૨૫ બેઠકો મંજૂર થયેલી છે.

ગુજરાતમાં (B.Optom) પાસ થનાર ઓપ્ટોમેટ્રિસ્ટને સરકારી ક્ષેત્રે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આંખની હોસ્પિટલમાં, મોટા ઓપ્થેલ્મોલોજિસ્ટના ખાનગી ક્લિનિકમાં વગેરે જગ્યાએ નોકરી મળી શકે છે. તદ્ઉપરાંત આ અભ્યાસ પછી પોતાનું ઓપ્ટોમેટ્રિક ક્લિનિક શરૂ કરી કરી શકે છે. આ અભ્યાસ પછી નોકરી તેમજ સ્વતંત્ર વ્યવસાય સ્વરોજગારની ઉત્તમ તકો છે.

સંકલીત

## ચાર્ટડ એકાઉન્ટન્સી ક્ષેત્ર



મિતુલ બુધ્ધભટ્ટી

ગત અંકમાં આપણે યુએસએમાં અભ્યાસ માટે ત્યાંની પ્રતિષ્ઠીત યુનીવર્સીટીની સ્કોલરશીપ મેળવનાર યુવાન, પુનિત સોનીનો પરિચય મેળવ્યો. આ અંકમાં, સ્થાનિક શિક્ષણ ક્ષેત્રે સફળતા મેળવી વ્યવસાય ક્ષેત્રે પ્રગતિશીલ યુવાન મિતુલ હર્ષદભાઈ બુધ્ધભટ્ટીનો આછેરો પરિચય પ્રસ્તુત છે.

૨૧ ઓક્ટોબર, ૧૯૮૪માં એનો જન્મ થયો. મિતુલે સાધારણ શાળામાં, ટ્યુશનની મદદ વિના, ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કર્યો. બોર્ડની પરિક્ષામાં ૮૪ ટકા માર્ક્સ મેળવ્યા. ત્યારબાદ અંગ્રેજી માધ્યમ બીકોમ તેમજ એમકોમ પ્રથમ શ્રેણીમાં કર્યું. સાથે સાથે, સીએની ઈન્ટર તેમજ ફાઈનલની પરિક્ષા પણ પ્રથમ ટ્રાયલે પાર કરી બાવીસ વર્ષની વયે, ઈન્ડસ ઈન્ડિયા બેંકમાં મેનેજર પદ મેળવ્યું. અહીં બે વર્ષનો અનુભવ મેળવી, હવે એ એચ.ડી.એફ.સી. બેંકમાં હેલ્થ, ટ્રાન્સપોર્ટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્રેડિટ મેનેજર પદે છે. પ્રગતિના પ્રથમ સોપાને, સાડા સાત લાખ અને પર્કસના વાર્ષિક પેકેજ સાથે મહત્ત્વનું પદ મેળવનાર આ યુવાન હજી તો એની પચ્ચીસીને ઉંબરે જ છે.

મિતુલ સ્વાભાવે નમ્ર અને મિતભાષી છે. એણે અંગ્રેજી માધ્યમની હાઈ ફાઈ પબ્લીક સ્કૂલમાં અભ્યાસ નથી કર્યો, એ વાત એને અભ્યાસ કે કારકીર્દી ક્ષેત્રે ક્યારેય ખટકી નથી.

મિતુલ એની સફળતાનું શ્રેય, એના માતા, પિતા, દાદા, દાદી અને ફઈને આપે છે. એમનું માર્ગદર્શન, ખંત અને નિષ્ઠાપૂર્વક નિયમિત અભ્યાસે એનો આત્માવિશ્વાસ કાયમ રાખ્યો એમ એ માને છે . એના પિતાશ્રી ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ફાઈનાન્સ કોર્પોરેશનમાં કાર્યરત છે. મિતુલના દાદા, સ્વ.મોહનભાઈ બુધ્ધભટ્ટી જે જમાનામાં આપણા સમાજમાં ભણતર ઓછું હતું. ત્યારે ઈન્ટર સાયંસ થયેલા નબળી આર્થિક સ્થિતિ હોતાં, ડોક્ટર થવાનું એમનું સ્વપ્ન સાકાર ન થયું. નોકરી અર્થે કરાંચી ગયા. ભારતના ભાગલા થતાં કરાંચીમાં બધું છોડી, અમદાવાદમાં સ્થાયી થયા. ટાટા સેલ્સમાં નોકરી કરી, બહોળા વિસ્થાપીત પરિવારના પૂનઃ સ્થાપનની જવાબદારી આજીવન સંભાળી. તેઓશ્રી પાસે શિક્ષણ અને વ્યવસાય સંબંધી ઉપલબ્ધ માહિતીનો લાભ અનેક યુવાનોને મળ્યો.

અમદાવાદમાં ૧૯૫૦ આસપાસ આપણા સમાજના પરિવારોએ સંગઠીત થવા જે પ્રયાસો કર્યા હતા. તેમાં એમનું પણ યોગદાન હતું. આજે આપણો અમદાવાદનો સમાજ સંગઠીત છે. યુવા-વર્ગ પ્રગતિલક્ષી છે. એમાંનાં એક એવા આ યુવાનને એની વ્યવસાયક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી સેતુ પરિવારની શુભેચ્છા સાથે હાર્દિક અભિનંદન. •


**વાંચકોને વિનંતી**
**યુવાવર્ગ - સિધ્ધિ - સમાચાર**

કચ્છમાં કે અન્યત્ર, વસતા આપણા યુવાવર્ગની નાનીમોટી કોઈ પણ સફળતા સમાજ માટે ગૌરવપ્રદ છે. આપણા યુવાવર્ગને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે એમનો પરિચય પ્રકાશીત કરતાં સેતુ પરિવારગૌરવ અનુભવશે. વાંચકોને વિનંતી છે કે જેમનો પરિચય આપવાનો હોય તેમની પૂરતી વિગત, નામ, જન્મ તારીખ, જન્મ સ્થળ, પરિવારની વિગત (પિતાશ્રીનું નામ વિ.) અભ્યાસ અને કારકીર્દી ક્ષેત્રે મેળવેલી સફળતા તેમ જ શોખ આદીની અન્યવિગતો સ્પષ્ટ અક્ષરે (બની શકે તો ફોટા સાથે (ફોટામાં પાછળ નામ જરૂર લખવું) મોકલવી. અધુરી કે અસ્પષ્ટ વિગતો હશે તો પ્રકાશીત કરવામાં નહીં આવે તેની નોધ લેવી.

**મુખ્ય તંત્રી**

# શિક્ષણ ક્ષેત્રે સફળતા

સંકલીત



**શ્રુતિ હર્ષદ સોની**

**(ચનાણી પરિવારનું ગૌરવ)**

આપણા સમાજના જ્ઞાતિ શિરોમણી વડિલ શ્રી જટુભાઈ (વેલજી આણંદજી ચનાણી પરિવાર)ના પુત્ર શ્રી હર્ષદભાઈનાં સુપુત્રી કુ. શ્રુતિબેન, મેનેજમેન્ટ ક્ષેત્રે વિખ્યાત SIET ભારતિય વિદ્યાભવન, બેંગલોર યુનિવર્સિટીની MBA (FINANCE)ની ડીગ્રી પ્રથમ કક્ષામાં ઉત્તિર્ણ થયા છે. કુ.શ્રુતિની આ સિધ્ધિ બદલ, એમને 'સેતુ' પરિવારના હાર્દિક અભિનંદન સાથે સાથે કુ. શ્રુતિ શિક્ષણ તેમજ કારકિર્દી ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી હાર્દિક શુભેચ્છા.



**કુ.પુજાબેન સાકરીયા**

અમદાવાદ સ્થિત પંકજભાઈ સાકરીયાના સુપુત્રી, પુજાબેન બી.કોમ.ના પ્રથમ વર્ગમાં ઉત્તિર્ણ થયા. ત્યારબાદ તેઓ હાલે, યુ.કે. - લંડનની મિડલસેક્સ યુનિવર્સિટીમાં ઈન્ટરનેશનલ બિઝનેસ મેનેજમેન્ટના પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ (આઈબીએન)ના અભ્યાસ માટે એમનું ચયન થયું છે. આ અભ્યાસ માટે એમને સ્કોલરશીપ પણ પ્રાપ્ત થયેલ છે.

કુ.પુજાની અભ્યાસ ક્ષેત્રે ઝળકતી સફળતા બદલ અભિનંદન સાથે ઉત્તરોત્તર પ્રગતિ માટે સેતુ પરિવાર હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

## સાહિત્ય સર્જન ક્ષેત્રે પદાર્પણ

**સંકલીત**



કોટડિયા માનસી ડી.
S.Y.B.C.Aમાં ૬૬.૧૯%
પ્રથમ વર્ગ

**સુક્તકો**

(૧) ઉપવાસ સહેલો છે
પણ સંયમપૂર્વકનો આહાર રાખવો
અઘરો છે.
મૌન સહેલું છે.
પણ સંયમપૂર્વક બોલવું આઘરું છે.

(૨) એક મહાપુરુષ એવો હોય છે જે દરેક
માણસને
તેની લઘુતાનું ભાન કરાવે છે.
પણ સાચો મહાપુરુષ એ જે છે જે
દરેક માણસને
એની મહત્તાનું ભાન કરાવે છે.

(૩) તમારા સુખનું કારણ પણ
તમે જાણતા ન હો
તો માનજો કે તમે સાચે જ સુખી છો.

**ગૃહસ્થ ગીતા**

આતિથ્ય એ ઘરનો વૈભવ છે.
પ્રેમ એ ઘરની પ્રતિષ્ઠા છે.
વ્યવસ્થા એ ઘરની શોભા છે.
સમાધાન એ ઘરનું સુખ છે.
સદાચાર એ ઘરની સુવાસ છે.
એ ઘરમાં સદા પ્રભુનો વાસ છે.
દેવું થાય તેવું ખર્ચશો નહીં.
પાપ થાય તેવું કમાશો નહીં.
કલેશ થાય તેવું બોલશો નહીં.
ચિંતા થાય તેવું જીવશો નહીં.
રોગ થાય તેવું ખાશો નહીં.
સાચું બોલો અને શાંતિ ધરો
હક્કનું ખાવ અને ઈશ્વર ભજો
સત્ય એ જ ઈશ્વર છે.

**સંકલિત - કોટડિયા માનસી ડી.**
**માંડવી-કચ્છ**



**કોટડિયા વીણાબેન તથા
દીપકભાઈના પુત્રવધુ
પ્રાંજલી ગૌરવ
કોટડિયા
T.Y.B.S.W માં પ્રથમ વર્ગ
પ્રાપ્ત કરેલ છે.**

-ઘોર કળિયુગ આવ્યો છે.
માનવ-માનવનો હત્યારો બન્યો છે.
ચોરી લૂંટ-ફાટ, ખૂન- આગ ચાંપથી
બળાત્કાળ, ધમાલનો દોર વધ્યો છે.
- ઘોર કળિયુગ આવ્યો છે.
માનવીએ ધર્મનો પંથ છોડી
અધર્મનો માર્ગ અપનાવ્યો છે.
નથી રહ્યો કોઈને કોઈના પર વિશ્વાસ
વિશ્વાસનાં ફરેબનો વિકાસ થયો છે.
- ઘોર કળિયુગ આવ્યો છે.
લાંચ-રૂશ્વત. શાખ ઓળખાણો
જમાનો ખુબ ફુલ્યો ફાળ્યો છે.
રૂપિયા-પૈસાની પાછળ માનવી
શું નું શું કરવા તૈયાર થયો છે.
- ઘોર કળિયુગ આવ્યો છે.
મોંઘવારી-બેકારી મારી રહી છે.
શું કરું શું નહીં ની ચિંતામાં મરી
રહ્યો છે.
- ઘોર કળિયુગ આવ્યો છે.
સીધા સાદા પ્રામાણિક માનવીનો
ઘોર સફાયો થઈ રહ્યો છે.
ખરેખર ઘોર કળિયુગ આવ્યો છે.
"અંતે માનવ-માનવનો હત્યારો
બની રહ્યો છે."
- ઘોર કળિયુગ આવ્યો છે.

- પ્રાંજલી, ગૌરવ કોટડિયા,
માંડવી-કચ્છ
સંકલિત

સંકલીત



| | | |
|---|---|---|
| નામ | : | શ્રીમતી રોહિણી ભરતભાઈ બુધ્ધભટ્ટી |
| શૈક્ષણિક લાયકાત | : | એમ. કોમ. |
| | ● | ૨૦૦૯ -૨૦૧૦માં આંબેડકર યુનિવર્સિટીમાં CHR (Diploma in CHR) પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયેલ છે. |
| | ● | ૨૦૦૫થી શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલામંડળ ભૂજના મંત્રી તરીકે કાર્યરત. ● શૈક્ષણિક ક્ષેત્રે પાંચ વર્ષ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલમાં શિક્ષિકા તરીકે સેવા પ્રદાન કરેલ. |
| હોબી | : | ગીત સંગીત, ગીત સંગીતમાં રાજ્ય કક્ષાએ મેડલ મળેલ. વિવિધ ક્રાફટના ક્લાસેસ ચલાવવા. ઈંગ્લીશના ટ્યુશન ક્લાસેસ ચલાવવા. |
| મેરીટલ સ્ટેટસ | : | સ્વ. કાન્તીભાઈના મોતીલાલ રણછોડ બુધ્ધભટ્ટી (બુધ્ધભટ્ટી ગેરેજવાળા)ના સુપુત્ર શ્રી ભરતભાઈનાં ધર્મ-પત્ની છે |

## મારૂ કંસારા સમાજનું ગૌરવ



**કંસારા સોનલબેન ઉદયકુમાર બુધ્ધભટ્ટી (કોર્પોરેટર અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન)**

મુળ જૂનાગઢના વતની શ્રી ઉદયભાઈ બુધ્ધભટ્ટી, વ્યવસાય હેતુ અમદાવાદમાં વસે છે. એમના ધર્મપત્ની સૌ. સોનલબેન સુશિક્ષિત છે. ઘર ગ્રહસ્થીની સંભાળ લેવા ઉપરાંત તેઓ ઘર બેઠાં ટ્યુશન ક્લાસીસ ચલાવે છે. મધ્યમ વર્ગના આ મહિલાની એમની પાસે ટ્યુશન લેતા વિદ્યાર્થીઓ અને એમના પરિવારો ઉપરાંત સમગ્ર વિસ્તારમાં નિસ્વાર્થ સેવા ભાવી સન્નારી તરીકેની વિશેષ ઓળખ છે. અમદાવાદમાં વિરાટનગર મત વિસ્તારમાંથી તાજેતરમાં થયેલી મ્યુનિસિપલ કોર્પોરેટર્સની ચૂંટણીમાં તેઓ ચૂંટાઈ આવ્યા છે.

આપણો સમાજ કે જેમાં પુરૂષો પણ ભાગ્યે જ રાજકારણમાં રસ લેતા હોય છે, ત્યાં આવા એક મધ્યમ વર્ગના મહિલા કોઈ પણ પ્રકારના વગ-વસીલા વિના ચૂંટણીમાં સફળતા મેળવે એ બહુ મોટી વાત છે. આપણા સમાજ માટે ગૌરવપ્રદ છે. આશા છે, શાંત અને સાલસ સ્વભાવના આ સન્નારી, સમાજ-હિત કાર્યોમાં એમની આગામી ઓળખ ઊભી કરશે. આપણી જ્ઞાતિનું ગૌરવ વધારશે. સૌ. સોનલબેનને સંતાનમાં એક પુત્ર છે જે ભણે છે. શ્રી કચ્છી મારૂ કંસારા સોની મંડળ અમદાવાદ, સૌ.સોનલબેનની આ સિધ્ધિ માટે સહર્ષ અભિનંદન પાઠવે છે તેમજ સમાજ સેવા ક્ષેત્રે એમને ઉત્તરોત્તર સફળતા મળે તેવી શુભેચ્છા પાઠવે છે.

**Tulsi (Ahmedabad)**



In this last article we had seen how to open a game, how to intiate first move. This time we would understand what is the middlegame. It is said "Play the opening like a book, the middlegame like a magician, and the endgame like a machine." (Spielmann ). Now, let us see what is middlegame ?

**Middlegame**

This is a part of the game which starts after the opening. As such, there is no clear demarcation between the opening and the middlegame, but typically the middlegame will start when most pieces have been developed. As the opening moves have ended, players have to form plans based on the features of the position, and at the same time to take into account the tactical possibilities in the position. The middlegame is also the phase in which most combinations occur. Combinations are a series of tactical moves executed to achieve some gain. Middlegame combinations are often connected with an attack against the opponent's king; x

Specific plans or strategic themes will often arise from particular groups of openings that result in a specific type of pown structure. For example, the minority attach that is the attack of queenside pawns against an opponent who has more pawns on the queenside. The study of openings should therefore be connected with the preparation of plans that are typical of the resulting middlegames.

Another important strategic question in the middlegame is whether and how to simply the game by reducing material and transform into an endgame. For example, minor material advantages can generally be transformed into victory only in an endgame, and therefore the stronger side must choose an appropriate way to achieve an ending. Not every reduction of material is good for this purpose; for example, if one side keeps a light-squared bishop and the opponent has a dark-squared one, the transformation into a bishops and powns ending is usually advantageous for the weaker side only, because an endgame with bishops on opposite colors is likely to be a draw, even with an advantage o a pawn, or sometimes with a two-pawn advantage.

Now after knowing about the middlegame, let us understand some terminology used in the game of chess, that will help us in learning the game of chess elaborately and widen our overall knowldedge.

**Activity:**

This indicates the quality of a Chess position that describes mobility or freedom of movement for pieces. An active piece is more likely to have a positive influence in the outcome of a game than an Checkmates(5) 11/18/10 1 inactive piece. Active pieces is one key quality in assessing a Chess position. Inactive piece is the one which is blocked and not in a position to move further, be active or you can say that it is an undeveloped piece.

**Adjournment:**

An unfinished game may be adjourned and continued at a later time/date. The player to make the next move on the board is required to write the next move on a piece of paper which is given to the referee. This is called a 'sealed move'. When the game recommences this move must be the next move played on the chessboard.The adjournment rule was first introduced in 1878 in Paris.

**Advanced Pawn:**


This term describes a Pawn which has passed the central line of the chessboard which is between the fourth and fifth ranks.

**Advantage:**


A superiority of position, usually based on force, time, space or Pawn structure. A player whose position is considered objectively better is said to have the advantage. A judgement of an advantage must consider complex criteria such as material (more pieces or Pawns), space (more room to maneuver), activity (more influence of pieces), King safety (one side has a safer King than the other), or other weaknesses (backward Pawn, etc.).

**Back rank mate:**

A checkmate made by a Queen or Rook along the 8th rank where the opponent's King is blocked in by its own Pawns.



**Backward Pawn:**




A Pawn that has trailed behind and is no longer supported by other Pawns. A backward Pawn is consider a undamental weakness in a Chess position because it can be attacked. Its defense requires pieces that are better employed in other plans. See also isolated Pawn.

**Bad Bishop:**



Any ineffective Bishop. When a Bishop has little or no mobility because of being hemmed by Pawns positioned n squares of the same colour as the Bishop's square, it is said to be a "bad Bishop".

**Check:**

It refers to a King that is being attacked by an enemy piece. The King should move out of check, place another piece between the King and the attacking piece, or the attacking piece must be captured.


**Checkmate:**

An attack against the opponent's King which the King cannot escape. Any position where a King cannot avoid apture. The objective end of a Chess game. When a player checkmates his enemy's King, he wins the game.

**Double check:**

A powerful type of discovered attack, which checks the King with two pieces. The King is forced to move because no other means are available to extricate the King from this special type of check by two pieces simultaneously, thus frozen for at least one tempo or move.

**Discovered check:**




A discovered attack that involves checking your opponent's King by moving a piece so that the piece behind it can give check. This term describes an often powerful move where a line is opened allowing an otherwise blocked piece to give check to the enemy King. If the moving piece also gives check, then the move is described as a 'double check'.

**Draw:**

A tied game. A common result in a game of Chess when neither side wins or loses. A draw can result from a stalemate, the 50-move rule, the three-move repetition rule, if neither side has enough material to mate, by adjudication or by an agreement between the players.

**Drawing chances:**

A The probability in any complex and roughly equal position that one or both sides may successfully draw a game of Chess. The game of Chess is extremely complex. Neither humans or machines can determine with certainty the outcome of a game when given a complex position. However, skilled and experienced players can often estimate the probability that one side can win, lose, or draw the game. Such an estimate is based on an understanding of sometimes subtle criteria such as board position, player skills, time pressure, and strategy both on the board and off.

**Drawn position:**

Any Chess game position from which a draw must result from accurate play. Many complex drawn positions may still offer winning chances for one or both sides with alert play. The phrase "drawn position" is rarely used by experienced players to mean an artistically rendered, or randomly selected position. It is unknown whether the starting position is also a drawn position.

**"Chess is the gymnasium of the mind." -Lenin**

**એક એસ.એમ.એસ.**

# બુદ્ધભટ્ટી ગોત્રનાં પુરસાદાદાનું સ્થાનક

સોની કાન્તીલાલ નારાયણ બુધ્ધભટ્ટી, અંજાર



*બુધ્ધભટ્ટી પરિવારનાં પુરસાદાદા ‘ભટ્ટીદાદા’*

કચ્છમાં અબડાસા તાલુકાના ગામો નલીયા કોઠારાની વચ્ચે ‘ભનાડા’ કે જે નલીયાથી નવ કિ.મી.ના અંતરે છે અને કોઠારાથી પણ નવ કિ.મી.નાં અંતરે છે, ત્યાં બુધ્ધભટ્ટી ગોત્રનાં પુરસાદાદાનું સ્થાનક આવેલ છે.

**● કુળદેવીનાં નૈવેધ :**

આસો સુદ બીજનાં રાત્રે સવા પા શેર ઘઉંનાં ડારાની લાપસી તથા બે શ્રીફળનાં નૈવેધ કરવા

● આસો સુદ આઠમનાં બપોરે સવા પા શેર ઘઉંના ડારા લાપસી તથા બે શ્રીફળના નૈવેધ કરવા.

● દિવાળીનાં રાત્રે એક શ્રીફળ, સવા પા શેર ઘઉંના ડારાની લાપસી, ઘઉંની ઘીનાં મોણવાળી, હથેળી પર થાપી, ધીમાં શેકેલ ૬૪ પૂરીઓ બનાવી તેના સાત - સાત થપ્પી ઉપર લાપસી મૂકી નૈવેધ કરવા.

● મહાસુદ સાતમનાં બપોરે માંગેલ સાત ધાન દળાવી તેનાં મોળાં રોટલા બનાવી, લાપસી તથા રોટલાનાં નૈવેધ કરવા.

ચૈત્ર સુદ આઠમનાં બપોરે પા શેર ડારાની લાપસી તથા એક શ્રીફળના નૈવેધ કરવા.

અષાઢ સુદ બીજનાં સાંજે પા શેર ડારાની લાપસી તથા એક શ્રીફળના નૈવેધ કરવા.

**● પુરસાદાદાના નૈવેધ :**

બુધ્ધભટ્ટી ગૌત્રના સમસ્ત ગૌત્ર બંધુઓ દ્વારા કારતક સુદ ચૌદસે, પુરસાદાદાનાં ‘ભનાડા’ મધ્યે આવેલ સ્થાનકે નૈવેધ કરવામાં આવેલે છે. જેમાં જોડ દિવા (બે દીવા) કરી, સેકેલી લાપસી તથા છ ચણાના લોટનાં થેપલાનાં નૈવેધ કરવા. એક થેપલો અને લાપસી ધુપમાં અને પાંચ થેપલા ઉપર લાપસી મુકી કાંસાની થાળીમાં ધરાવવા.

પુરસાદાદાના સ્થાનકે ન પહોંચી શકાય તો ઉપર મુજબનાં નૈવેધ પાણિયારે કરવા.

આસો વદ ચૌદસ (કાળી ચૌદસે) પુરસાદાદાને સિંદુર ચડાવવામાં આવતું નથી.

**● ખેતરપાળદાદાના નૈવેધ :**

આસો વદ ચૌદશે (કાળી ચૌદસે) રાત્રે જાડી ભાખરી શેકી, કૂટી, ગોળ-ઘી ભેળવી ચુરમો તથા સવા પા શેર કાળા તલ કૂટી ગોળ ભેળવી ચુરમો કરવો. ઘઉં તથા તલનો ચુરમો તથા એક શ્રીફળના નૈવેધ કરવા.

કારતક સુદ પાંચમનાં સવારે નવા ચોળા અથવા મગ સવા પવાલો બાફી તથા કાળા તલના નૈવેધ કરવાં.

શ્રાવણ સુદ પાંચમનાં સવારે પા શેર લોટની ભાખરી તથા પા શેર કાળા તલનો ચુરમો તથા એક શ્રીફળના નૈવેધ કરવા.

**● શ્રીમંતના નૈવેધ :**

સવા પા શેર લાપસી, સવા પા શેર કાળા તલનો ચુરમો, ઘઉંની પા શેરની ભાખરીમાંથી બનાવેલ ચુરમો, પા શેર સફેદ જુવાર તથા એક જમણી, એક રાતીરા ગજની સાથે બે રૂપિયા, એક સુકૂં શ્રીફળ માતાજી પાસે મુકવું. અને નૈવેધ કરવા.



*બુધ્ધભટ્ટી પરિવારનાં સતીમાતા ‘સાવિત્રીબેન’*

**● બાલમુંડનના નૈવેધ :**

ગણેશ સ્થાપના : બાજોઠ પર કોરું સફેદ કાપડ પાથરી ગોળ - ઘી મૂકી ગણેશજી પધરાવવા અને વડી મૂકવી. પા શેર ચોખા, પા શેર ડારાની લાપસી, પા શેર જુવારને રાંધવું, શ્રીફળ, ચાર પુરી રાખી, માય ભાણ, ચાર સરખા રાખવા. ચાર-ચારની થપ્પી કરી મિક્ષ કરીને નૈવેધ કરવા. બે માયમાટલા રાખવા જેમાં એક માટલામાં ૪૯ પૂરી, સાત માતરિયા લાડવા (ગોળ-પાપડીની રીતનાં) રાખવા અને બીજામાં સફેદ કોરું કપડું સવા ગજ, એક શ્રીફળ, સફેદ જાર સવા રૂપિયો મુકવા. આ માયમાટલા મુંડન વિધિ બાદ નિયાણીને આપવા.

**● લગ્ન (માંડવા)નાં નૈવેધ :**

મુંડન નૈવેધ પ્રમાણે જ બે માય - માટલા તૈયાર કરવા. તે ઉપરાંત એક શ્રીફળ, સવા શેરની લાપસી, સવા શેર ઘઉંના લોટની ભાખરીનાં ચુરમાનાં લાડવા, પા શેર સફેદ જુવાર બાફેલીમાં કાળા તલ, પા શેર ગોળ મેળવી માતાજી પાસે મુકી નૈવેધ કરવા.

# 'સેતુ'નો 'હેતુ' જાળવવા સૂચનો

**પી.જી.સોની, દાસ, ભૂજ**

દરેક નાની-મોટી જ્ઞાતિ કે સમાજનું એક પોતાનું આગવું મુખપત્ર હોય છે. જેમાં સમાજને સ્પર્શતી તમામ સ્તરની સારી નરસી બાબતો વિગતવાર આવતી હોય છે, જે સામાન્ય અખબાર કે સામયિકમાં શક્ય નથી. હા એમાં ક્યારેક ટૂંકી વિગત હોય છે.

મુખપત્ર સમાજનો અરીસો છે. એમાં સમાજલક્ષી વિગતોની નાના-મોટા સંગઠનો કે જ્ઞાતિજનો ચોક્કસ અપેક્ષા રાખતા હોય છે. એમાં એને સુપેરે ચલાવવા માટે તન-મન અને ધનથી જ્ઞાતીજનો સહકાર પણ આપતા હોય છે.

હા, તો આજે વાત કરવી છે આપણા ''જ્ઞાતિસેતુ''ની. છેલ્લાં છ એક વર્ષથી શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિનું એક માત્ર મુખપત્ર જ્ઞાતિ સેતુ પ્રકાશીત થાય છે. જેને શ્રી કચ્છી મારૂ કંસારા- સોની જ્ઞાતિ મંડળ- અમદાવાદ ચલાવે છે. દર બે માસે પ્રગટ થતો આપણો ''સેતુ'' એક મેકને ઓળખવાનો નમ્ર પ્રયાસ કરે છે.

અવિરત છ વર્ષનાં પ્રયત્નો છતાં લાગે છે કે 'સેતુ'માં હજી કંઈક ખૂટે છે. એક જ્ઞાતિજન તરીકે, અથવા સેતુના એક અદનાં અંગ તરીકે છું એટલે વાસ્તવિક હકિકત કહ્યા વિના રહી શકતો નથી. મને એમ લાગે છે કે આપણા સમાજમાં જાગૃતિનો અભાવ કહો કે આપણી નિષ્ક્રિયતા જે કહો અગ્રણીઓકે 'જ્ઞાતિ' દ્વારા સેતુને જે પ્રતિસાદ મળવો જોઈએ એ મળતો હોય એવું મને લાગતું નથી. ગયા અંકનાં તંત્રી લેખમાં પણ મને નિરાશાનો સુર દેખાય છે. સેતુના સંચાલકોના જણાવ્યા પ્રમાણે અગાઉના અંક માંડ ૫૦ થી ૬૦ ટકા ને મોકલવામાં આવેલ હતો. કારણમાં જેમનાં લવાજમો ઘણા સમયથી બાકી છે, એમને અંકો મોકલવામાં આવ્યા નથી, એવું સંચાલકોનું કહેવું છે. હવે પ્રશ્ન એ થાય છે કે લવાજમો લેવા માટે એવી ખાસ કોઈ નક્કર વ્યવસ્થા ક્યાંય દેખાતી નથી.લવાજમ કોઈ પણ જ્ઞાતિજન આપવા તૈયાર હોય જ છે પણ એ ક્યાં આપવું? આ પ્રશ્ન મોટો છે. એમને અંકો ન મોકલવાથી કંઈ લવાજમો આવી જવાનાં નથી. માટે અંકો દરેકને મોકલવા જ જોઈએ.

સેતુને સુચારૂ ઢબે ચલાવવા માટે આપણે દરેક ગામ કે શહેરમાં વ્યવસ્થા ગોઠવવી જરૂરી છે. લવાજમ લેવા કોઈ જાય તો કોઈ પણ જ્ઞાતિજન ના પાડવાના નથી. જેમનાં લવાજમો બાકી હોય કે પૂરાં થતાં હોય એમના રેપર લાલ કલરમાં હોવા જોઈએ. સાથે એ અંગેની સૂચનાં પણ છેલ્લા પાના પર લખવી જોઈએ. ઉપરાંતના પ્રયત્નોમાં પોસ્ટકાર્ડ પણ લખી શકાય એ સાથે જવાબી પોસ્ટ કાર્ડ પણ મોકલી શકાય. જે તે વિસ્તારનાં આપણા અગ્રણીઓને એસએમએસ કે ફોન થી સંપર્ક કરીને પણ વાતચીત કરી શકાય. જેથી સંપર્કો વધશે અને ''સેત''નું પણ કામ થશે. સાથે સાથે જે તે વિસ્તારનાં જ્ઞાતિજનોનાં વાવડ પણ જાણવા મળશે.

આગામી ૨૫માં રજત જયંતિ સમુહ લગ્ન સમારોહ રૂડા મઝાના ''સમાજ ગૌરવ દિન'' આ બે મહત્ત્વના શુભ પ્રસંગે, વિવિધ સ્થળેથી આવેલા અગ્રણીઓએ ''સેતુ'' માટે થોડો સમય ફાળવીને પણ ચિંતન કરવું જરૂરી છે મને લાગે છે કે એ ગૌરવ દિન જ સાચા અર્થમાં ''સેતુ''નો સેતુ બની શકે.

હવે છેલ્લે ખુબ જ જરૂરી અને મહત્ત્વની વાત આપણી મારૂ કંસારા સોની જ્ઞાતિનું મુખ્ય મથક ભૂજ છે. જ્યાં આપણી મોટા ભાગની વસ્તી છે. ઉપરાંત સમગ્ર કચ્છ જિલ્લામાં પણઆપણા જ્ઞાતિજનો સારી એવી સંખ્યામાં વસે છે. અને જ્યાંથી સેતુને વધુમાં વધુ સમાચારો લેખો અને બીજી વિગતો મળતી રહે છે. એ દષ્ટિએ મારું અને અન્ય અગ્રણીઓનું ચોક્કસપણે માનવું છે કે સેતુનું પ્રકાશન ભૂજથી થવું જોઈએ. અથવા તો એનો વહીવટ મહામંડળે અથવા સ્થાનિક ટ્રસ્ટે કરવો જોઈએ. કારણકે સેતુ દર બે મહિને પ્રગટ થવું જરૂરીછે.આપણને સેતુ વગર ન ચાલવું જોઈએ. ભુજ, નખત્રાણા, અંજાર, માંડવી, અબડાસા વિ. ગામોનાં અગ્રણીઓ સાથે બેસીને એના માટે ચિંતન કરવાનો સમય પાકી ગયો છે. આપણા સેતુનો હેતુ બર લાવવા માટે આપણે એટલે કે જ્ઞાતિજનો અને અગ્રણીઓ બન્નેએ જાગૃતિ તો બતાવવી જ પડશે.

સેતુનો હેતુ આપણી જ્ઞાતિને સદા અગ્રસર અને સજાગ રહેવા, સમાજ પ્રત્યેનું ઋણ ચૂકવવા અને એકમેકને સુપેરે ઓળખવા માટેનો સેતુ સદાય સાચા અર્થમાં સમગ્ર કચ્છી ભાઈ-ભાડુંઓનું આપસમાં 'સેતુ' બની રહે અને નવા સાજ સણગાર સજીને ઊભરે એ જ નવા વર્ષનાં મંગલ પ્રારંભે પ્રાથના. ●

**પ્રતિભાવ**

'જ્ઞાતિ સેતુ'નો ગત અંક અન્ય જગાએથી વાંચવા મલ્યો. કોઠારામાં કોઈનાં પણ અંકો આવેલ નથી. કોઈનાં લવાજમો કે અન્ય કોઈપણ કારણોસર અંકો ન મલે એ ખરેખર દુઃખદ બાબત છે. લવાજમો માટે અથવા અન્ય રીતે મારો સાથ સહકાર આપને સદાય મલી રહેશે. સેતુ માટે હવે તો ખાસ બેઠક બોલાવવી અતી જરૂરી છે. એવું મારૂં માનવું છે. માતાના મડની આપણી વાડીની વાત પણ ભાઈશ્રી પી.જી. સોની દાસે લખી એ વાંચી જાણી. આ અંગે પણ કંઈક કરવું જ જોઈએ હવે ઢીલ પાલવે નહીં.

ચીનુભાઈ પોમલ કોઠારા કચ્છ
મો.૯૯૨૫૧૬૯૩૯૯

# સેતુ વિતરણ - વ્યવસ્થા

જ્ઞાતિ સેતુ દર બીજા માસના છેલ્લા સપ્તાહમાં પ્રત્યેક કવર પર સરનામું બરાબર કરીને બધા જ સભ્યોને, એકી સાથે પોસ્ટ મારફત નિયત તારીખે મોકલવામાં આવે છે. એટલે સાધારણ સંયોગોમાં બધાંને વિતરણ વ્યવસ્થા અનુસાર ટપાલ મળી જવી જોઈએ.

તેમ છતાં કેટલાક સભ્યોની 'સેતુ'ન મળ્યાની મહદંશે ફોન મારફત સૂચના મળે છે. આ બાબતમાં સભ્યોને વિનંતી છે કે તેઓશ્રી ફોન દ્વારા જણાવવાને બદલે, પોસ્ટકાર્ડથી જાણ કરે અને એ પોસ્ટકાર્ડ પર પોતાનું પૂરું સરનામું પીન કોડ નંબર સહિત અવશ્ય લખે. કેટલાકને 'સેતુ'ન મળવાનું એક કારણ અધુરું સરનામું છે. બીજું કારણ એડ્રેસ સ્લીપ ઉખડી જવાનું પણ હોઈ શકે છે. કારણ કે, દર વખતે પચ્ચીસ-ત્રીસ કવર પરત આવે છે. ઘણીવાર સરનામાની સ્લીપ ઉપર ન હોતાં કોને અંક નથી મળ્યો તે ચોક્કસ કરી શકાતું નથી.

તદુપરાંત છેલ્લા છ વર્ષ દરમિયાન આરંભે માત્ર એક કે બે વર્ષના જ જેમના લવાજમ મળેલા છે તેમને સેતુ મારફત અવારનવાર જણાવ્યા છતાં તેમના તરફથી કોઈ સૂચના ન મળતાં, તેમને અંકો મોકલવાનું સ્થગીત કરેલ છે. આથી સભ્યોને ફરી એક વખત તેમના લવાજમ અંગેની સ્થિતિ ચકાસી, એ બાકી હોય તો, પોસ્ટકાર્ડ પર એમને 'સેતુ' મોકલવાનું છે કે નહીં તે બાબત સ્પષ્ટતા કરવાની નમ્ર વિનંતી છે.

'જ્ઞાતિ સેતુ'ને સમાજ તરફથી અત્યાર સુધી ખુબજ સહકાર અને આવકાર મળેલ છે અને હજી પણ મળતો રહેશે તેવો વિશ્વાસ છે. લવાજમ અંગેની માહિતી મેળવવા, જાહેરાત, લવાજમ નાણાંકીય વ્યવસ્થાપક શ્રી જયમીનભાઈ સોની, (મો.૯૮૨૪૫ ૪૬૬૫૦)નો સંપર્ક કરવા વિનંતી છે. સાથે સાથે બધા સભ્યોને ફરી એકવાર વિનંતી છે કે, તેમને 'સેતુ' મળે ત્યારે એના કવર ઉપરનું સરનામું ચેક કરી લે અને જોએ અધુરું હોય કે એમાં કંઈ ફેરફાર હોય તો પોસ્ટકાર્ડ પર લખી મોકલે.

વધુ માહિતી માટે સ્થાનિકે, 'સેતુ'ના માનદ સહયોગીનો સંપર્ક કરવા અનુરોધ છે.

**અતુલ સોની**
**મંત્રી**

**મનુભાઈ કોટડિયા**
**પ્રમુખ**

## શ્રધ્ધાંજલિ



**સ્વ. જેઠાલાલ નાનજી સોલંકી (તોડાવારા)**

અમારા પૂજ્ય પિતાશ્રી જેઠાલાલભાઈ નાનજી સોલંકી (તોડાવારા)નું ૮૭ વર્ષની પાકટ વયે દીનાંક ૨૫ ઓક્ટોબર ૨૦૧૦ને રોજ દુઃખદ અવસાન થયું.
અમારા સદગત પિતાશ્રીની
પ્રેરણાદાયી કર્મનિષ્ઠા તેમજ એમનો નીડર તથા હસમુખો સ્વભાવ અમને હંમેશા યાદ રહેશે. પરમાત્મા એમના દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે એવી અમારી પ્રભુપાસે હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

**● અમૃતલાલ ● નટવરલાલ ● હરેશકુમાર**
**● હરસુખ ● ભૂપેન્દ્ર ● સ્વ. અરવિંદ ● જિતેન્દ્ર**